# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–** (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર— ૩૬૪૦૦૨ ૧. ફોન : (૦૨૭૮) **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: avgohil1@gmail.com
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરીસહાય | મા | ૩ |
| વિદેશોના ‘અધ્યાત્મ’ના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના નવા દર | નારાયણભાઇ હ. જાની | ૪ |
| શ્રીયોગેશ્વરવાણી | યોગેશ્વરજી | ૬ |
| શ્રીયોગેશ્વરકથામૃત— દક્ષિણઆફ્રિકાનોપુણ્યપ્રવાસ(૧૭) | માસર્વેશ્વરી | ૯ |
| પૂ.માનીસ્લેટનીઅદ્ભુતવાતો | સંકલન : મયૂરીબેનટેલર | ૧૨ |
| નામજપ અંગે માર્ગદર્શન | યોગેશ્વરજી | ૧૮ |
| સાંઇસિદ્ધિગીત | યોગેશ્વરજી | ૨૩ |
| પૂ.ભીખીબાવિરલસમર્પિતવ્યક્તિત્વ | જ્યોત્સ્નાબેનત્રિવેદી | ૨૫ |
| IMPACT OF ‘A GURU’ | Sejpal Mitra R (Student) | 31 |
| પૂ.માના સાન્નિધ્ય અંગે સાધક બાલિકાનો પ્રતિભાવ | કૃતિ જાગાણી | ૩૨ |
| શ્વાસની વચ્ચેના અંતરાલનો જોવો | ઓશો | ૩૪ |
| સંગ ચલત નહીં કોય | સાધુ અક્ષરજીવનદાસ | ૩૮ |
| નારદ ભક્તિસૂત્ર(૧) | શ્રી યોગેશ્વરજી | ૪૬ |
| મૃત્યુઃ અનિવાર્ય છે ત્યારે... | સ્વામી વિદિતાત્માનંદજી | ૫૨ |
| રમણ મહર્ષિના જીવનના કેટલાક પ્રેરક પ્રસંગો—૧ | શ્રી યોગેશ્વરજી | ૫૫ |
| પ્રેમનો મહિમા | (પ્રસાદ) | ૬૦ |
| શાંતિકુલમ્—સ્વર્ગારોહણ—૨નું નામાભિધાન | એક સત્સંગી | ૬૧ |

# સદ્ભાવભરી સહાય

૧૯૬૯–૭૦ના એક શૈક્ષણિક વર્ષમાં શ્રીમીનાક્ષીબેનનો પરિચય થયો. મૈત્રીભાવનો પ્રારંભ થયો. એ પવિત્ર મૈત્રી અધ્યાત્મ પંથે પણ વિશેષ આદર સન્માન સાથે શ્રદ્ધાભક્તિથી દૃઢ થતી રહી.

આજે પણ એ ધર્મમય મિત્રતાનો વિકાસ થતો જ રહ્યો.

**એવા એ ભક્તદંપતિ:–**

શ્રી મીનાક્ષીબેન વ્યાસ

શ્રી વિનોદચંદ્ર વ્યાસ

ના આર્થિક સહયોગથી આ અંક પ્રકાશીત થઈ રહ્યો છે.

અભિનંદન.

આભાર.

આપના હાથે આવા અનેક સત્કર્મો થતા રહો. સ્વસ્થ આરોગ્ય સાથે અધ્યાત્મ પંથે આપની જીવનયાત્રા સફળ થતી રહો.

–મા



# વિદેશોના ‘અધ્યાત્મ’ના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના નવા દર

–નારાયણભાઈ હ. જાની

અધ્યાત્મ માસિક પરદેશોમાં વિમાન દ્વારા જ મોકલવામાં આવે છે. ડીસેમ્બર, ૨૦૧૫માં ભારતના પોસ્ટ ખાતાએ એકાએક નવા દર જાણ કર્યા સિવાય ખૂબ વધારી દીધા. તેમજ તેમાં વજન અંગેના સ્લેબ હતા તેમાં પણ ફેરફાર કરી દીધા. તેના પરિણામે ૫૦ ગ્રામના એક અંક પર રૂા.૩૫ની ભારતીય ટિકિટો લાગતી તે હવે રૂા.૬૭ની લગાડવી પડે છે.

વળી છેલ્લા કેટલાક વર્ષોથી છપાઈના કાગળો ને છપાઈનો ખર્ચ પણ વધતો રહ્યો છે. એટલે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તેમજ પૂ.મા સર્વેશ્વરી સાથે વિચાર–વિમર્શ કરીને વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના નવા દર નીચે પ્રમાણે લેવાનું ઠરાવ્યું છે.

**અમેરિકા–કેનેડાના વાર્ષિક લવાજમના દર :**

★ ૨૫$ અમેરિકન ડોલર

તેમજ

★ આજીવન ૨૫૦$ ડોલર ઠરાવ્યા છે.

**ભારતીય ચલણમાં તે :**

★ વાર્ષિક રૂા.૧૬૫૦/–

અને

★ આજીવન રૂા.૧૬,૫૦૦/– રહેશે.

ભારતના વાર્ષિક કે આજીવન સભ્ય ફીમાં કોઇ વધારો કરવામાં આવ્યો નથી.

★ સ્ત્રીને પરણ્યા પછી નવો અવતાર આવે છે. એના મા–બાપ વાતાવરણ રહેણીકરણી અને સ્વભાવ એ બધું જૂનું ગણીને ભૂલી જવાનું હોય છે. અને નવા વાતાવરણને અનુકૂળ થવાનું હોય છે તેથી તે નવો જન્મ ગણાય છે.

જે સ્ત્રી ભક્તિપૂર્વક, શ્રદ્ધાપૂર્વક, જ્ઞાનપૂર્વક, પોતાના પતિને આધીન રહે છે તે સંસારને તરી જાય છે અને પોતાના પતિને પણ તારી શકે છે.

**"શ્રી મોટા"**

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

## ભોગોના ઉપભોગથી નહીં પણ યોગથી શાંતિ મળે

ભોગોમાં જોડાયેલું અથવા આસક્ત બનેલું મન સદાને માટે પ્રસન્ન રહી શકતું નથી. ભોગો હોય અને ભોગોને ભોગવવાની શક્તિ હોય ત્યારે પ્રસન્ન અને ભોગો ના હોય તથા એમને ભોગવવાની શક્તિ ના હોય ત્યારે અપ્રસન્ન એવી એની પરિસ્થિતિ હોય છે. એની શાંતિ, સ્થિરતા, રસવૃત્તિ, પ્રસન્નતા અખંડ નથી રહેતી. મસૂરીમાં આ વરસે મને એક અતિશય શ્રીમંત સદ્‌ગૃહસ્થ મળ્યા. મારે એમની સાથે પૂર્વપરિચય હતો. એમના મહેમાન તરીકે મુંબાઇમાં હું ત્રણેક વાર રહેલો પણ ખરો. કેટલીક ઉપલક વાતચીત કર્યા પછી મેં એમને પૂછ્યું કે મનમાં પ્રસન્નતા તથા શાંતિ તો છે ને? આવા એકાંત શાંત નૈસર્ગિક સૌંદર્યથી છલેલા પ્રદેશમાં પ્રસન્નતા તથા શાંતિ જરુર હશે. રાતે ઊંઘ તો બરાબર આવે છે?

એમણે કહ્યું છે કે ઊંઘની ફરિયાદ હજુ એવી જ છે. પહેલાંના જેવી જ. ઊંઘવા માગું છું તોય ઘસઘસાટ ઊંઘી શકાતું જ નથી. રોજ રાતે સૂતાં પહેલાં ગોળી લઉં છું તોપણ.

મેં કહ્યું : ક્યાં રહો છો ને કેટલા દિવસથી આવ્યા છો?

મહિનો થવા આવશે. પેલું સામે દેખાય છે તે લીલાં પતરાંવાળું મકાન ભાડે રાખ્યું છે. ટેલિફોન છે, રેડિયો છે, ટેલિવિઝન છે, બધું છે. નોકરચાકર તથા રસોઇયાને મુંબાઇથી જ લાવ્યા છીએ. તોપણ ઊંઘ નથી આવતી. શાંતિ નથી. આનંદ નથી.

મેં સહેજ સ્મિત કરીને પૂછ્યું કે તમારે શાંતિ જોઇએ છે? પ્રસન્નતા જોઇએ છે? ઊંઘની આવશ્યકતા છે?

છે જ. મારે શાંતિ, પ્રસન્નતા બધું જ જોઇએ છે. એના વિના જીવન જીવવા જેવું નથી લાગતું.

તો પછી મારી સાથે ચાલો.

ક્યાં?

સત્સંગમાં. હમણાં કલાક પછી સાંજે છ વાગે રોજની પેઠે મારું પ્રવચન થશે. ત્યાં આવવાથી તમારું મન પ્રસન્ન થશે અને રાહત અનુભવશે.

એ સહેજ વિચાર કરીને બોલ્યા : પણ આજે તો સિનેમાની ટિકિટ લીધી છે. એનો ટાઇમ પણ લગભગ એ જ છે.

ટિકિટ લીધી હોય તો શું થયું? કાલે જવાશે.

ના આજે જ જવાની ઇચ્છા છે.

તો પછી જઇ આવો. સત્સંગમાં કાલે આવજો.

આવા સ્થળમા સત્સંગ માટે આવવાનું ને રહેવાનું ના હોય. અહીં તો હરવાફરવાનું અને આનંદ કરવાનું.

પરંતુ તમને આનંદ જ ક્યાં છે? તમે જ કહો છો ને કે...

એ તો ચાલ્યા કરે. એમ ને એમ. મારી જેમ અનેકને આનંદ નથી. ભોગપદાર્થો છે તો પણ શાંતિ નથી. પ્રસન્નતા નથી, નિંદ્રા નથી.

એ ચાલવા માંડ્યા.

મેં કહ્યું કે મેં તો મારી ફરજ બજાવી. ઇચ્છા થાય તો ગમે ત્યારે આવજો.

એકાદ વાર આવીશ.



અમે છૂટા પડ્યા, પરંતુ એ પછી એ એકવાર સત્સંગમાં એ ના આવી શક્યા. વચ્ચે બે વાર માર્ગે મળ્યા ત્યારે બોલ્યા ખરા કે એકવાર સત્સંગમાં આવવું છે પરંતુ વખત નથી મળતો.

શાંતિ, પ્રસન્નતા, પરમાનંદ ભોગમાં નથી, યોગમાં છે. વિલાસમાં નથી, સંયમમાં છે. અનાત્મ પદાર્થોની આસક્તિમાં નથી, આત્માના અનુરાગમાં અને અનુસંધાનમાં છે. પરમાત્મામાં છે. યોગસાધનાથી એમની પ્રાપ્તિ થાય છે. એ આપણી અંદર જ છે. એમની આયાત ક્યાંય બહારથી નથી કરવાની. આત્મા સ્વયં શાંતિસ્વરૂપ છે. પરમાત્મા પ્રસન્નતા તથા પરમાનંદના પરમ પારાવાર છે. એમની પ્રત્યે અભિમુખ બનવાથી એમના અનુગ્રહથી મન પ્રસન્ન થાય છે. યોગીનું એક લક્ષણ એ હોય છે. એ સદાપ્રસન્ન રહે છે. અનુકૂળતામાં પણ પ્રસન્ન, લાભમાં પ્રસન્ન, હાનિમાં પ્રસન્ન, જયમાં પ્રસન્ન, પરાજયમાં પ્રસન્ન, સર્વ કાળ સ્થળે સર્વાવસ્થામાં પ્રસન્ન. જીવનમાં આજે અશાંતિ છે. વાતાવરણમાં વિષાદ વધી પડ્યો છે. શોક છવાયો છે. યોગસાધનાની સહાયતાથી એની નિવૃત્તિ થઇ શકશે.

મહર્ષિ કપિલ જણાવે છે કે યોગસાધના સત્પથે દોરે છે. સત્પથ એટલે પરમસત્યસ્વરૂપ પરમાત્માનો પથ. યોગ સાધકને એ પથ પર પ્રયાણ કરાવીને પરમાત્માભિમુખ બનાવે છે, પરમાત્માની પવિત્ર દિશામાં ઉત્તરોત્તર આગળ વધારે છે અને છેવટે પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે. પ્રકૃતિનાં અનેકવિધ આકર્ષણો, પ્રલોભનો અને પ્રાકૃતિક રંગરાગોમાં પડીને માનવ ભાન ભૂલે છે અને સત્યપથથી ચલાયમાન બને છે, યોગની સાધના એને ફરીવાર જાગ્રત કરે છે, શક્તિ બક્ષે છે અને સન્માર્ગગામી બનાવે છે.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૮ મે—૨૦૧૬ અંક ૮**

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ (૧૭)

**તા.૧૧/૧૨/૮૨, શનિવાર, કારતક વદ અગીયારશ, ૨૦૩૯. પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

ત્રણ વાગ્યે ઊઠી, સ્નાન કરી, વ્યાયામ કરીને ચાર વાગે પૂ.શ્રી મને ઉઠાડે છે. એટલે મેં પણ ઊઠીને સ્નાન કરી લીધું. વ્યાયામ થયા પછી મંત્રજપ શરુ કરી દીધા. સો માળાના જપ, રામાયણ—પરાયણ ને ડાયરીની નોંધ, ઉપરાંત પત્રોનું લેખન વગેરેમાં પોણા બાર તો ક્યારે વાગી જાય તેની ખબર જ પડતી નથી. સવારે સાડા ચારે બારીમાંથી પૂર્ણ પ્રકાશ ઘરમાં આવી જાય છે. આજે સ્નાન પછી હું રસ્તા ઉપરની બારીમાંથી બહાર જોતી હતી. પાંચ મિનિટ થઇ ત્યાં તો પૂ.શ્રીએ કહ્યું : અંદર જોવાનું મૂકીને બહાર શું જોવાનું છે? પૂ.શ્રીની વાત સાચી હતી.



તરત જ બારી પાસેથી પલંગ પાસે હું આવી ગઇ.

આજે વાત કરતાં એમણે જણાવ્યું : લોકો આફ્રિકાના દેશને પછાત માને છે. પણ અહીં રસ્તાઓ જુઓ, મોટાં મોટાં મકાનો, સ્વચ્છતા, ચોખ્ખાં દૂધ જુઓ. એની સરખામણીમાં ભારત તો મોટો દેશ છે છતાં, ત્યાં કેટલી ગંદકી હોય છે, ને કેવાં ભેળસેળવાળાં દૂધ મળે છે?

'મહાભારતનાં મોતી' પુસ્તકનું લેખન ચાલી રહ્યું છે. પૂ.શ્રીએ આજે કચ અને દેવયાનીનો પ્રસંગ લખ્યો. પછી મંત્રજપ સાથે પૂ.શ્રી થોડો આરામ કરે છે.

આજે અગીઆરશ છે, જેથી બાર વાગ્યે ફળદૂધ લઇએ છીએ. પછી અહીંના સપ્તાહમંદિરની રથયાત્રાની ફિલ્મ જોવાનું બને છે. બેઠકખંડમાં જ ટી.વી. ઉપર તે જોવાનું બને છે. વળી, સત્ય સાંઇબાબાની પ્રવૃત્તિ અને સ્વામીનારાયણ અંગેની પણ ફિલ્મ જોવાનું બને છે. ત્રણ વાગ્યા સુધી તે કાર્યક્રમ ચાલે છે.

પછી થોડું લેખન અને આરામ.

સાંજે દરરોજની જેમ ધ્યાનની બેઠક શરુ થાય છે.

ધ્યાનમાં બેસનારા પૈકી શ્રી. શાંતિભાઇને કોઇકે સમાચાર આપેલા કે મહાત્માજી બહાર ફરવા ગયા છે. એથી આવતાંની સાથે તેમણે પૂ.શ્રીને 'હરિઃ ૐ' કહી હાથ જોડીને આનંદ વ્યક્ત કરતાં કહ્યું : અમે તો સાંભળ્યું હતું કે આપ તો ફરવા ગયા છો!

પૂ.શ્રી : ફરવાનું હવે બંધ થયું છે. ગાડી, મોટરમાં બેસીને જઇએ, પણ મનથી તો ચોવીસે કલાક પ્રભુમાં જ ફર્યા કરીએ છીએ. એટલે ફરવાનું મનથી બંધ થયું છે. કોઇ પોતાનો બગીચો

બનાવે તેમાં ફરવા ખાતર ફરવા જવું તેમ ફરવા જવાનું બને છે. બાકી, જન્મમરણનું ફરવાનું બંધ છે.

ધ્યાનની બેઠક પૂર્ણ થતાં ફળ વગેરે લઇએ છીએ. ત્યારબાદ પ્રવચનમાં જવા માટે નીચે ઊતરીએ છીએ. ત્યાં દાદર ઉપર જ શ્રી શાંતિભાઇ દરરોજની જેમ લેવા આવતા હતા તેઓ મળી જાય છે. વાતો કરતાં કરતાં હૉલ ઉપર જઇએ છીએ.

ભારત હૉલમાં એક મોટી બેઠક ને બીજી એક અલગ બેઠક હોય છે. ત્યાં બેસી જઇએ છીએ. કાર્યક્રમના આરંભમાં દરરોજની રીત પ્રમાણે સૌ ઊભા થઇને ત્રણ વાર સમૂહમાં ગાયત્રીમંત્ર બોલે છે. પછી પૂ.શ્રીનું પ્રવચન થાય છે. મારાં બે ભજનો બાદ સૌ આરતી બોલે છે. પછી સૌ પ્રસાદ લઇને વિદાય થાય છે.

ભારત હૉલમાં પેલા વૃદ્ધપુરુષ દરરોજની જેમ 'જય શ્રીકૃષ્ણ' કહીને બદામો આપે છે. પૂ.શ્રી તેમને દરરોજ 'કાલે મળીશું' એમ કહે છે. આજે પણ એવું કહીને વિદાય લીધી.

માર્ગમાં શ્રી. શાંતિભાઇ વગેરે સાથે વાતો થઇ. તે સૌ દરરોજ અમારા ઉતારા સુધી વિદાય આપવા આવે છે. તે સૌ 'હરિઃ ૐ' કહીને વિદાય લેતા હોય ત્યારે પૂ.શ્રી તેમને પણ દરરોજની જેમ 'કાલે મળીશું' એમ કહે છે.

મારાં ભજનો ને પરિચય તેમજ પૂ.શ્રીનો પરિચય ને તેમનાં પુસ્તકોની યાદીની એક નાની પુસ્તિકા આજે બહાર પડી તે જોઇને આરામ કર્યો.

(ક્રમશઃ)



# પૂ.માની સ્લેટની અદ્‌ભુત વાતો

—સંકલન : મયૂરીબેન ટેલર

સાધકબેન શ્રી મયૂરીબેન ટેલરે તા.૧૯/૦૩/૨૦૧૬ અને તે પછીના દિવસોમાં પૂ.માની સ્લેટમાં જે જે લખાયું, તેની સરસ નોંધ કરી છે. તે વાંચતાં લાગ્યું કે પૂ.મા તેઓની સાધના ને અનુભૂતિઓ, તેમજ પૂ.ગુરુદેવ યોગેશ્વરજીને સમજવામાં તે જરુરથી ઉપયોગી થઇ શકે છે, તેથી અધ્યાત્મના વાંચકોના લાભાર્થે તે અત્રે રજૂ કરવામાં આવી છે. વાંચકો તે વાંચે ને શાંત ચિત્તે વિચારે તો તેની અસર જીવન પર જરુરથી પડશે—એવો વિશ્વાસ છે.

આવી સરસ અક્ષરઃ સહ નોંધ કરવા બદલ મયૂરીબેનને અભિનંદન. નોંધ લાંબી હોઇ, તેને બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. બીજો ભાગ જૂન, ૧૬માં અંકમાં રજૂ થશે.

—તંત્રી

**ઠરે અને ઠારે તે સંત,**
**સળગે અને સળગાવે તે સંસારી.**

કેવા દેવ જેવા મહાપુરુષ મળ્યા! એક પદમાં તેનું વર્ણન છે. ૨૯—૦૯—૨૦૧૫નું મૌન એકાંતનું પદ છે.

(રાગ—શું માંગુ રે, શું માંગુ)

**દેવ મળ્યા મહાદેવ મળ્યા મને**
**સમર્થ સદ્‌ગુરુદેવ મળ્યા..**

—સમર્થ સંતો પૂર્વના પુણ્યે જીવનમાં પધારે.
—પણ વધાવે કેટલા? સમજે કેટલા?

—લાભ કેટલા, કોણ લે?

આવું મન—અંતરે રમતું રહે, છતાં એનું જ રાજ ચલાવે એટલે એ જ કહેવડાવે.

—અમે પોતે પણ પૂ.શ્રીને સંપૂર્ણપણે સમજી શક્યાં તેવો દાવો તો સ્વપ્ને પણ ના થાય.

—આપણી સમજની બહાર, આપણી મર્યાદાની બહાર એ પરમપુરુષ વસનારા.

—એટલે સાવ અલ્પ સમજી શકીએ.

—એમના આ કથામૃતની નોંધમાંથી એમનું અંગત જીવન થોડું થોડું સમજાય છે.

—એ કથામૃત જ વાંચતા રહીએ તો ધીમે ધીમે સમજનો ઉઘાડ થશે.

—૧૯૮૪ પછી ત્રણ—ચાર વર્ષમાં તો અમે બધા જ પત્રો, ફોટા, કેસેટ બધું જ મેળવી શક્યાં, તો આજે એમાંથી પ્રસાદ મળતો રહે છે.

—કેટલીબધી સાદગીભરી જીંદગી!

—આપણને બતાવી ગયા કે જીવો તમે..

—કેટકેટલા યજમાનો બદલાતા રહે, છતાં ક્યાંય કોઈ વિશેષ માંગણી ના કરે.

—શ્રી કેદારનાથની યાત્રામાં ક્યાંય જગ્યા ના મળી.

—બે પથારી માંડ સમાય તેવી નાની ઓરડી મળી.

—તો પણ આનંદથી રાત પસાર કરી.

—પૂ.શ્રીનું અતિ સાદગીભર્યું જીવન.

—રોજ રોજ અચરજ સાથે મા જોતાં રહ્યાં.



—પ્રભુ ગમે ત્યા જાય—એક જ નાની સૂટકેસ અને એક જ થેલી.

—ઘણું બધું શીખ્યાં.

—સાચા અર્થમાં એ સદ્‌ગુરુ દેવ.

આ માએ કરોડો મંત્રનું બીડું ઝડપ્યું, પ્રભુએ સતત હિંમત અને શક્તિ આપી.

—રક્ષિતા જે દિવસે મા સાથે પ્રણામ કરતી હતી તે દિવસે લખાયેલું આ પદ છે.

રાગ—ઝૂકાવ્યું જીવન મારું રે.

મંત્રપુષ્પે તને વધાવું રે, સ્વીકારી લેજે

મંત્ર પુષ્પની કરું પગદંડી, તારા શ્રીચરણોની પ્યાસી

મૃદુ સ્પર્શે ધરજે તૃપ્તિ રે....સ્વીકારી લેજે...

૨૦૧૫ સપ્ટેમ્બરથી પદોની વસંતઋતુ પ્રગટી છે.

—એક બહેને સરસ વાત કરી. છેલ્લા ત્રણ વર્ષથી તમારી વાવની (ગામનું નામ) સીડી દરરોજ મૂકીએ છીએ.

—મમ્મી—પપ્પા બધાં બેસીને સાંભળીએ અને અવાજ એટલો મોટો રાખીએ કે રસોડામાં પણ સંભળાય.

—તો અમારા ઘરનો નાનો બાળક મધરાત્રે ઊંઘમાંથી ઊઠીને કહે દર્શનામૃત (C.Dનું નામ) મૂકો.

—આ સંસ્કાર ઘડતર માટે પણ એક ઉત્તમસાધન છે.

—આપણાં બાળકોની પેઢીનું આ રક્ષાકવચ છે.

—અમને તો કાલે તમે ૧૦૫ જેટલી Blue Ray (D.V.D) ખરીદી અને પૂ.શ્રીને અંદર આવવા દ્વાર ખોલ્યાં એનો અમને ખૂબ આનંદ થયો.

''પ્રકાશના પંથે''નું પ્રેઝન્ટેશન P.P.T

(ગોપી ધ્રુવી અને પવિત્રા દ્વારા)

મા : આપણી ત્રણે દીવડીઓએ જાણે પ્રભુ ઉપર Phd કરવાનું નક્કી કર્યું હોય એટલીબધી નાની–નાની વિગતો રજૂ કરી શકી.

–જાણે પૂ.શ્રીનો શ્રેષ્ઠ પરિચય પામવા શ્રેષ્ઠ મથામણ કરી.

–યુવાનીને હરિમય કરવાના આ પ્રયત્નો ખૂબ ઉપયોગી છે.

–યુવાનીના એક પણ દુષણો આવા પર્વો ઉજવવાથી આપણાંમાં ના પ્રવેશી શકે.

–આવા પ્રયત્નો જાણે રક્ષાકવચ બનીને આપણાં જ બાળકોની રક્ષા કરશે.

–મંચ ઉપરથી રજૂ કરવા કેટલુંબધું વાંચવું પડે! યાદ કરવું પડે!

–એ બધી જ પ્રવૃત્તિ એમને પૂ.શ્રીના જીવનમાં ઊંડી ઉતરવાની સીડી જ બની છે.

–ત્રણે દીકરી ભાગ રહી છે તેમણે ભવિષ્યમાં ભગવા પહેરવાનું વિચાર્યું છે કે તમે શામાં ભણો છો?

–તો તો તમારા Cell Phone પણ ચકાસવા પડે.

–મા પણ Best Friend છે તેમ માની તમારી કિતાબના બંધ પાના ઉઘાડતા રહેવું.

–સારા મિત્ર એક ઘણી મોટી સાત્ત્વિક સંપત્તિ છે.

–આપણું રક્ષાકવચ છે. ને આપણી દીવાદાંડી પણ છે.

–એટલે સારા જ મિત્રો રાખજો.

–ને મા–બાપથી એક પણ વાત ના છૂપાવશો.



–અમે તો નવ વર્ષના હતાં. ત્યારથી કર્પૂરવનથી દૂર જ રહ્યાં.

–પ્રાથમિક, હાઈસ્કૂલ કોલેજમાં.

–પણ શનિ–રવિ બા–બાપુજી પાસે જતાં.

–તો જેવા ઘરમાં દાખલ થઈએ એટલે બાપુજી સોફા પર મોટેભાગે વાંચતા જ જોવા મળે.

–અને બા પાછળ હીંચકે હોય.

–ઘરમાં પ્રવેશીને પહેલું કામ બંનેને પ્રણામ કરવાનું.

–નાનપણથી એ જ પરંપરા રહી.

–ને પછી પાછું બાપુજી પાસે બેસી જવાનું.

–એટલે બાપુજીનું એક જ કામ–(૨૦–૨૫) વીસ–પચ્ચીસ પ્રશ્નો પૂછે ને અમારા પત્રો કોટના ખિસ્સામાંથી કાઢે. (પાછળ કોટ લટકતો હોય તેમાંથી)

–ને પછી દરેક પોસ્ટકાર્ડમાં અનુસ્વર, જોડણીની ભૂલ હોય તે બતાવે.

–અને અમે પણ હોસ્ટેલમાં જે–જે ધમાલ થઈ હોય તે સવિસ્તાર બાપુજીને બધું કહી દઈએ.

–ને કઈ સિનેમા કોની સાથે જોઇ તે પણ કહી દઈએ.

–કંઈ છૂપું નહીં.

–તો માતાપિતા અને ભાઈઓનો કેવો વિશ્વાસ પામ્યા!

–કૉલેજની ફી માટે જાતે જ જેટલી રકમ જોઇતી તેટલી લઇ લેતાં. કદી હિસાબ ના માંગ્યો.

–એટલે માતાપિતા પાસે ઉઘડતા રહીએ તો આશીર્વાદના અક્ષરો લખાતા રહે.

—અમને તો અમારી જાત ઉપર પણ ગૌરવ છે કે આખા શિક્ષણ કાર્યના દસ—પંદર વર્ષના એક જ બહેનપણી હતાં.

—તેની જોડે જ જ્યાં જવું હોય ત્યાં જોડે જ જતાં, ને તે કર્પૂરવન પણ આવીને રહેતી. એટલે બધાં જ એમને ઓળખે.

—આપણાં જીવનની કિતાબ કોઇ પણ વાંચી શકે, તેવી ઉઘાડી રાખવાની છે.

—જેથી કોઇક ગલીમાં અટવાઇ જઇએ તો મા—બાપ તરત જ અટકાવે ને ઉંચકી લે.

—તમારા ''પ્રકાશના પંથે''ના આ એક ભજવતાં પહેલાં આ વાત ખૂબ અગત્યની છે.

—આપણા ફોનનાં બિલ આપણે ક્યાં ભરીએ છીએ? એટલે ફોનનું મૌન પણ થોડું થોડું પાળવાનું છે

—મિત્રો પણ જાતના—થાલી મિત્ર

—તાલી મિત્ર

—પ્યાલી મિત્ર

ખિસ્સા કાતરું મિત્ર પણ હોય છે. તેના પૈસા સલામત રાખે ને આપણાં રોજ રોજ ખાલી કરાવે.

—એટલે સાવધાન.

—બધાં જ વિદ્યાર્થીને ફોન, ઈમેલ, ટેક્સ મેસેજના ચેપી રોગ લાગી ગયા છે.

—બાપાઓ બિલ ભરી ભરી થાકીને રડતાં મા પાસે આવતાં રહે છે.

—એટલે મા પાસે આવી વાતો આજે લખાવી રહ્યા છે.

—આવો કોઇ જ પ્રોગ્રામ ન હતો કે મિત્રો ઉપર સ્લેટ ચાલે.

(ક્રમશઃ)



# નામજપ અંગે માર્ગદર્શન

—યોગેશ્વરજી

**પ્રશ્ન : ના, મને તેના વિશે કશું સમજાતું જ નથી.**

**ઉત્તર :** તેની હરકત નહીં. પરંતુ તમારા જીવનને ફરીથી રસવાળું તથા સુખ, શાંતિ ને શ્રદ્ધાથી સુવાસિત કરવું હોય તો પહેલાંની નામજપની સાધનાને પ્રાર્થના સાથે ફરી શરુ કરી દો.

**પ્રશ્ન : પ્રાર્થના સાથે?**

**ઉત્તર :** હા. પ્રાર્થનાની શક્તિ અપાર છે. એનો આધાર લઈને ઈશ્વરનાં ચરણોમાં આત્મ—નિવેદન કરતાં સાચા દિલથી રોજ રોજ કહો કે પ્રભુ મારા જીવનમાં સુખશાંતિ ફેલાવો, શ્રદ્ધા જગાવો ને રસ પ્રગટાવો. પરિણામે એ કૃપાળુની કૃપા થશે ને જીવન ઉજ્જવલ બનશે. પ્રાર્થના એક અકસીર ઔષધિ છે. એનો આધાર લો ને સાથે સાથે નામજપ પણ ચાલુ કરી દો.

**પ્રશ્ન : પરંતુ મને એમાં રસ નથી લાગતો અને એને કરવાનું મન જ નથી થતું તેનું શું?**

**ઉત્તર :** મન થાય કે ના થાય તો પણ એ સાધનાનો આરંભ કરી દો. જે રોગગ્રસ્ત હોય છે તેને દરેક વખતે ઔષધિ ગમે જ છે એવું નથી હોતું, છતાં પણ એ એનો આશ્રય લે છે. કેટલીક વાર એની સાથે બળજબરી પણ કરવી પડે છે. રસ સાધના કરતાં વેંત જ શરુઆતમાં નહીં આવે, પરંતુ સાધન કરતાં કરતાં પાછળથી આવશે. હાલ તો રસ પડે કે ના પડે તો પણ સાધન કરવાનું છે.

**પ્રશ્ન : મારી છૂટી ગયેલી નામજપની સાધનાને ક્યારથી શરુ કરું? શરુ કરવી હોય તો પણ કોઇ સારો દિવસ જોવડાવીને શરુ કરવાનું સારું ના કહેવાય?**

**ઉત્તર :** તમે ઘણા દિવસો સુધી એમને એમ બેસી રહ્યા છો. હવે વધારે વખત સુધી એક અથવા બીજા કારણથી બેસી રહેવાનું ઉચિત નથી. જીવન ઘણું ઝડપી છે પાણીના રેલાની પેઠે વેગથી વહ્યે જાય છે એ જીવનમાં જે પ્રાપ્ત કરવું હોય તેને માટે પુરુષાર્થ કરવામાં વિપળનો પણ વિલંબ ના કરવો જોઇએ. તમે કેવા સારા દિવસની અપેક્ષા રાખો છો? બધા જ દિવસો સારા છે. તમારા અંતરમાં ઉત્સાહ રાખીને તમારી શક્તિ પ્રમાણેની સાધનાનો આજથી જ આરંભ કરી દો. તમે સાધનારૂપી સત્કર્મ કરશો એટલે તમારો દિવસ અને સમગ્ર સમય સારો થઇ જશે એને માટે કોઇ મુહૂર્તને જોવડાવવાની જરુર નથી. એને માટે રાહ પણ નથી જોવાની.

**પ્રશ્ન : મારું મન જપ કરવા છતાં પણ શાંત નથી થતું તેનું કારણ શું હશે? તેને શાંત કરવા સારું શું કરવું જોઇએ?**

**ઉત્તર :** મન જપ કરવાં છતાં પણ શાંત ના થતું હોય તો તેનાં કારણો જુદા જુદાં કેટલાંય હોઇ શકે છે. તે કારણોનો પાકો ને સાચો નિર્ણય તો તમે જ કરી શકો. પરંતુ તેવા મનને શાંત કરવા માટે નામજપની સાધના ચાલુ રાખવી જોઇએ અને પ્રાર્થનાનો આધાર લેવો જોઇએ. નામજપની સાધના જેમ જેમ વધારે ને વધારે પ્રમાણમાં ચાલુ રહેશે તેમ તેમ મનને શાંત થવાનો માર્ગ મોકળો બનશે. માટે જપથી મન સહેલાઇથી અથવા ધારેલા સમયમાં શાંત ના થતું હોય તો પણ એ સાધનાને છોડી દેવાની નથી. વળી મનને શાંત કે સ્થિર કરવા માટે



પ્રાર્થના કરતાં શીખવું જોઇએ. પ્રાર્થનાની શક્તિ અદ્દભુત અને અમોઘ છે. તેની મદદથી ઈશ્વરની સાથે સંબંધ બંધાય છે તેમજ ઈશ્વરના અનુગ્રહનો અનુભવ મળે છે. સાધકની ઉત્કટ ઉરથી થનારી પ્રાર્થનાને સાંભળીને ઈશ્વર એની ઉપર પોતાની વિશેષ કૃપા વરસાવે છે અને એના ચંચળ મનને સહેલાઇથી શાંત કરે છે.

**પ્રશ્ન : મન સંપૂર્ણપણે શાંત થાય તે પછી જ જપ કરવામાં આવે તો? તમને નથી લાગતું કે એ પદ્ધતિ વધારે સારી અથવા આશીર્વાદરૂપ પુરવાર થાય?**

**ઉત્તર :** મન સંપૂર્ણપણે શાંત થશે તો પછી જપ કોણ કરશે? એ સંપૂર્ણપણે શાંત થાય ત્યાં સુધી બે હાથ જોડીને બેસી રહેવાથી કશું નહીં વળે. એને શાંત કરવા માટે તો જપ કરવાના છે અને એ કાર્યની સિદ્ધિ ક્રમશઃ ધીરેધીરે થશે. એમાં આવશ્યકતાથી અધિક ઉતાવળ કરવાથી કશું નહીં વળે. માટે જપ કરવાનું કામ ચાલુ જ રાખો ને મનને શાંત કરવાનો પ્રયત્ન પણ કરતાં રહો.

**પ્રશ્ન : સામાન્ય રીતે કેટલા જપ કરવાથી મન શાંત થાય છે?**

**ઉત્તર :** એનો કોઇ નિશ્ચિત સર્વસામાન્ય નિયમ નથી બાંધી શકાતો. એનો આધાર મુખ્યત્વે સાધકની કે જપ કરવાની અંતરંગ યોગ્યતા પર રહેતો હોય છે. સાધક પોતાના જીવનમાં દૈવી સંપત્તિની અને ઈશ્વરના પવિત્રતમ પ્રેમની પ્રતિષ્ઠા કરવાનો પ્રયત્ન કરતાં જપનો આધાર લેશે તો તેનું મન ધાર્યા કરતાં વધારે જલદી ને સહેલાઇથી શાંત થશે. એથી ઉલટું, જો તે જીવનની વિશુદ્ધિનું ને ઈશ્વરના પ્રેમના પ્રાકટ્યનું ધ્યાન જ નહીં રાખે ને તે દિશામાં તદ્દન મંદ ગતિએ ચાલતો હશે તો મનને શાંત કરવામાં

ખૂબ જ વાર લાગશે. એટલું સાચું કે પોતાના જીવનની વિશુદ્ધિનો વિચાર કરીને સાધકે તે વિશુદ્ધિને સાધવાનો પ્રયાસ કરતાં કરતાં જેટલા બને તેટલા વધારે ને વધારે નામજપ કરવાનો આગ્રહ રાખવો જોઇએ. એવો આગ્રહ મનને શાંત કરવાની દિશામાં ને બીજી બધી રીતે ઉપકારક થઇ પડશે.

કેટલા જપ કરવાથી મન શાંત થાય છે એવો પ્રશ્ન પૂછવાને બદલે જ્યાં સુધી મન સંપૂર્ણપણે શાંત ના થાય ત્યાં સુધી જપ અધુરા છે એવું સમજીને જપ વધારે ને વધારે કરતાં જ રહેવું જોઇએ. અંદરની યોગ્ય ભૂમિકાનું નિર્માણ થતાં કેટલીક વાર મનને શાંત કરવા માટે એકાદ જપ પણ પૂરતો થઇ પડે છે અને અંદરની યોગ્ય ભૂમિકાના અભાવમાં કેટલી વાર હજારો અને લાખો જપ પણ ઓછા પડે છે. આખોય સવાલ સાધનાનો છે અને સાધનાની પ્રક્રિયા પર આધાર રાખે છે. એમાં ઉત્તરરૂપે જપની કોઇ નિશ્ચિત સંખ્યાનો નિર્દેશ ના કરી શકાય. એવો નિર્દેશ વાસ્તવિકતાથી વેગળો હોવાથી ન્યાયપુરઃસરનો ના કહેવાય.

**પ્રશ્ન : ચિત્તની એકાગ્રતા વગર નામજપ કે ધ્યાનની સાધના કરી શકાય ખરી?**

**ઉત્તર :** ચિત્તની એકાગ્રતા જો શરુઆતથી જ સહજ બનશે તો તો પછી નામજપ કે ધ્યાનની જરુર જ શી રહેશે? એકાગ્રતાને માટે તો એમનો આધાર લેવાનો છે. માટે ચિત્તની એકાગ્રતા એટલી જલદી સિદ્ધ ના થઇ શકે તો નિરાશાથી પ્રેરાઇને પુરુષાર્થ મૂકી પણ ના દેતા. અભ્યાસ ચાલુ જ રાખજો. જે સર્વસંગપરિત્યાગ કરીને અંતરમાં બેઠા છે એવા વિરક્ત પુરુષોનું મન પણ એટલું જલદી એકાગ્ર નથી થતું. તો પછી



વિવિધ વ્યવસાયોમાં વ્યસ્ત રહેનાર અને એમની સારીમાઠી અસર નીચે અવારનવાર સ્ત્રીપુરુષોનાં મન તો એટલી જલદી એકાગ્ર કેવી રીતે થઇ શકે? એમને તો લાંબી વાર લાગે જ. છતાં પણ ઇલાજ પ્રયત્નને મૂકી દેવામાં નથી, પરંતુ પ્રયત્નને ચાલુ રાખવામાં રહેલો છે.

મન ચંચળ છે, તોફાની છે. બળવાન છે, ને વાયુને વશ કરવા કરતાં પણ વશ કરવું કઠિન છે. એ પણ એટલું જ સાચું છે, છતાં પણ ક્રમક્રમે કળથી વશ કરી શકાય છે એ પણ એટલું જ સાચું છે. માટે કોઇ પણ સંજોગોમાં હતોત્સાહ અને હતાશ નથી થવા જેવું. ઈશ્વર પર વિશ્વાસ રાખી, ઈશ્વરની દયાની યાચના કરતા આગળ વધતા જ રહેવાનું છે. ગારુડી જેમ સુમધુર સ્વરોની મદદથી વિકરાળ વિષધરને વશ કરે છે તેમ ઈશ્વરના નિરંતર નામસ્મરણના પ્રભાવથી જે મનને વશ કરવા માગે છે અને એને માટે અનવરત અભ્યાસ કરે છે એનો મનોરથ જરુર ફળે છે. એને સફળતા અવશ્ય વરે છે.

**પ્રશ્ન : એકાગ્રતા વગરના જપ કે ધ્યાનથી લાભ થાય કે ના થાય?**

**ઉત્તર :** એકાગ્રતા વગરના જપ કે ધ્યાનથી પણ લાભ તો થાય જ છે. એકાગ્રતા હોય તો વધારે લાભ થાય છે એ સાચું છે. પરંતુ એકાગ્રતા વગર પણ જે જપ કે ધ્યાન કરવામાં આવે છે તે નિષ્ફળ જાય છે એવું તો ના જ કહી શકાય. એ પણ લાભ તો પહોંચાડે જ છે. માટે એકાગ્રતા થાય કે ના થાય, તો પણ સાધકે ધ્યાનની સાધના કરવાનું ચાલુ જ રાખવું.

# સાંઈ સિદ્ધિગીત

(ગયા અંકથી આગળ) —યોગેશ્વરજી

કામધેનુની જેમ તમે છો, કામના બધી પુરનારા,
સમર્થ તેમજ મુક્ત તમે છો, મુક્ત અન્યને કરનારા;
કમી નથી ભંડારતણી કૈં, ખુલ્લે હાથે વરસાવો,
તો પણ ખૂટે નહીં કદીયે, અનંત વર્ષો વરસાવો.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે,
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે;
સમર્થ તેમજ મુક્ત કરી દો, પૂર્ણ કરી દો ને અમને,
તોફાન થકી પાર કરી દો, એ અરજી કરીયે તમને.

આકાશતણા તારા જેવા, જેના દોષ ગણાય નહીં,
જેના અપરાધોની ગણતા, બ્રહ્માથી પણ થાય નહીં;
સરસ્વતીયે લખે છતાં યે, જેનાં દર્દ લખાય નહીં,
એવા મુજને પ્રેમ બતાવ્યો, તમે હિમાલય દેશમહીં.

પવિત્ર તો જે હોય, ખરેખર પુણ્યવાન ને ગુણવાળા,
કેમ લભે ના કૃપા તમારી, ભક્તો તે પ્રભુના પ્યારા?
શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરીયે, સ્મરણ કરીએ આજ અમે.

સમાધિ મંદિરમાં આવીને પ્રેમ પૂજા મેં આજ ધરી,
અંજલિ આપી તમને મારા રોમરોમમાં ભાવ ભરી;
ના ચાહું વૈભવ કે ભોગો, સ્વર્ગ તેમ અપવર્ગ વળી,
તૃષ્ણા લૌકિક કામના બધી, અંતરમાંથી જાય ટળી.



ભુલભુલામણી ભવની તેમાં, ભટકે મારો પ્રાણ નહીં,
ભૂલેચૂકે પણ માયા કે મોહે લાગે ધ્યાન નહીં;
મા'ના ચરણોમાં મન રાચે, મા'ની પૂર્ણ કૃપા થાયે,
પાગલ' મન મા'ને મૂકીને, બીજે ના ક્યાંયે જાયે.

કૃપા કરો તો બધું ય થાયે, અશક્ય કૈં તમને છે ના,
જીવનનું સાફલ્ય પમાયે, અન્ય આશ મુજને છે ના;
શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

(સંપૂર્ણ)

★ હોઠશુરા લોકોની બહુમતિ અને હૈયાશૂરા લોકોની લઘુમતિ એ આજના જાહેર જીવનનો સૌથી મોટો અભિશાપ છે.

★ ઈશ્વરનું સ્મરણ સર્વ રોગોની એક માત્ર મહાન દવા છે.

વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩

હાશ®

મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી

★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, રાજકોટ—૩૬૦૦૦૨

# પૂ. ભીખીબા—એક વિરલ સમર્પિત વ્યક્તિત્વ

—સંકલન : જ્યોત્સ્નાબેન ત્રિવેદી

[ કુટિયામાં પંચદેવ બિરાજે છે.
પાંચ દેવતા રે,
બેઠા આશીષ દેવા કાજ. ]

આપણે નિત્ય જેનું મંત્રગાન કરીએ છીએ અને નિત્ય જેની પ્રદક્ષિણા કરીએ છીએ તેવા તેવા પંચદેવમાંથી એક દેવે એટલે આપણા સહુના પૂજનીય વંદનીય આપણાં ભીખીબા. આપણા મા સર્વેશ્વરીનાં માતુશ્રી. આપણે જ્યોર્તિમયી માને મંત્ર ગાનમાં સ્મરતાં ત્યારે શ્રી નારાયણભાઇ જાનીને વિચાર આવ્યો કે આપણે સહુ કાલિદાસદાદા અને ભીખીબાના પણ તેટલા જ ઋણી છીએ. એટલે કુટિયામાં તેમનાં પણ સ્વરૂપ હોવાં જોઇએ અને મંત્રગાનમાં પણ તેમનું નિત્ય સ્મરણ થવું જોઇએ એટલે એ બે મહાન વિભૂતિ આપણા પંચદેવમાં સ્થાન પામ્યાં.

૨૨, માર્ચ આપણા માટે **Mother's Day** આપણાં વ્હાલાં ભીખીબાની પુણ્યતિથિ. શ્રી રાજુભાઇ જાનીને વિચાર આવ્યો કે આપણે તે દિવસે કંઇક વિશેષ કરવું જોઇએ. પૂ.શ્રીમાની આજ્ઞાથી તેનો અમલ થયો. તે દિવસે સત્કર્મ થયું અને ૧૦૮ જેટલાં ગરીબ આદિવાસી ભાઇ બહેનોની હાશ લેવામાં આવી.

ભીખીબા ખૂબ શાંત. કર્પૂરવનના પાછલે હિંડોળે તેઓનું નિત્ય આસન. સામાન્ય લાગે પણ એ સામાન્યતામાં પણ ખૂબ વિશેષતાઓ, પૂ.શ્રીમાએ પોતાના પદમાં રજૂ કરી છે.

૨૩મી માર્ચે આપણા સ્વજન સાધકોશ્રી રક્ષિતાબહેન અને



શ્રીમતી સરોજબેન પટેલનો જન્મદિન શ્રીશ્રીમાને ચરણે તેઓ બંનેએ આ સત્કર્મની રકમ ધરી. જન્મદિનની પૂર્વ સંધ્યાએ જ ખૂબ સરસ સત્કર્મ કરી લીધું. સત્કર્મમાં કોણ કયાં કેટલી રકમ આપે છે તેની રજીસ્ટરમાં નોંધની જરુર નથી. ઉપર નોંધાય જ છે. સત્કર્મમાં દીપ પ્રાગટ્ય થતું તે પંદર મિનિટમાં હોલવાઇ જાય. આ નામની જાહેરાત ને માઇક બધા જ વળગણ જરુરી નથી. સૂત્રધારો પણ લાઇનમાં ઊભા રહી સેવક પદ દીપાવે. માઇક અને વ્યવસ્થા એ પણ ખૂબ મોટા વિક્ષેપો છે બધા જ સરખા. સર્વકાર્ય, સર્વપદ, સર્વ સન્માનનો છેદ ઉડાડતા ઉડાડતા ધરતીનું હરિયાળું લીલું ઘાસ જેવું બની જવાનું જેમ પવન આવે તેમ ઝૂકી જવાનું, એટલે વાવાઝોડાથી બચી જવાય. મોટા મોટા વૃક્ષોને વાયુદેવતા હણી જાય. મોટા હોય તે પડે પણ નાના નમતા રહે, બચતા રહે. ભીખીબા તો સહુનાં બા, એટલે સહુએ સત્કર્મ કર્યું અને હાશના હકદાર બન્યા

શ્રીભીખીબાની વિશેષતા વર્ણવતાં પૂ.શ્રીમાએ કહ્યું કોઇના પણ ઘરમાં કર્પૂરવનમાં લગ્ન હોય તો લગ્નના ત્રણ ચાર દિવસ પહેલાં પ્રભાતિયાં ગવાતાં. ત્યાં ગામની બેનો ભેગી થઇ ગાય. ભીખીબાનો કંઠ ખૂબ સરસ હતો, એટલે તેઓશ્રીને પાકું આમંત્રણ મળતું અને બા અવશ્ય જતાં જ.

બાપુજીના ઘણા આદર્શો મૌન રહી વધાવતાં. કર્પૂરવનમાં ચોમાસામાં આદિવાસી ભાઇબેનો ટોપલા ટોપલી ગૂંથી લઇ આવતા. જરુર હોય કે ના હોય, પણ લેવાના. ભલે ઘરના મેડામાં ૫૦ પડ્યા હોય. તેમને થાય બિચારા શું ખાશે? માટે બા લઇ લેતાં, એવી કરુણા.

એ રીતે સર્વોદય આશ્રમવાળા, ગાંધીઆશ્રમવાળા,

સ્વરાજની લડતના સૈનિકો ૨૦–૨૫–૫૦ની સંખ્યામાં આવતા, ત્યારે આજની જેમ ગેસના ચૂલા ન હતા, ત્યારે બા લાકડાના ચૂલા પેટાવી ગરમ ગરમ સહુને જમાડતાં અને તે સહુ સ્નાન કરે તો તેમનાં વસ્ત્રો ધોવાનું કામ પણ પૂ.બા કરતાં.

રાત્રે વાડાના સુગંધિત ફૂલો વીણી લાવી બા સૌના ઓશિકે મૂકતાં. આગલા રૂમના ટેબલ પર પારિજાતના ફૂલથી ૐ, રામ અને સ્વસ્તિક કરતાં. ત્રણે ફૂલદાની ઘરની પોતે જ સજાવતાં.

બાપુજીના ઘરમાં મુસ્લિમો પણ આવતા તો બા તે સહુને પણ પ્રેમથી જમાડતાં. સમર્પિત શ્રેષ્ઠ ધર્મપત્નીનો અભિનય ભીખીબાએ કરી બતાવ્યો.

પોતાના સગાકાકાને ત્યાં બાળલગ્ન હતાં. બાપુજીએ કાળા વાવટાથી વિરોધ કરી લગ્ન બંધ રખાવ્યા. બાને તો પિયર જવાનો કે લગ્ન પ્રસંગે જવાનો પ્રશ્ન જ ના રહ્યો.

બાપુજીએ વામનભાઈના લગ્ન પ્રસંગે કહ્યું આપણે ગાંધી આદર્શોને વરેલા છીએ. પુત્રવધૂ માટે ઘરેણાં ના લઈ જવાય. બાએ તેમાં પણ સાથ આપ્યો.

બાપુજી ગાંધીવાદી એટલે બા વસ્ત્રો ખાદીનાં પહેરતાં. પણ બટન સોનાનાં પહેરતાં. આમ બાપુજીના બધા આદર્શો પૂર્ણપણે પાળી બતાવ્યા. એવા માતાપિતાના અંકે આંખ ઉઘાડવાનું સૌભાગ્ય મળ્યું તેથી અમે ધન્ય થયાં, એવું શ્રી શ્રી માએ કહ્યું.

મા સર્વેશ્વરી એટલે ભીખીબાનું જગતને સર્વોત્તમ નજરાણું. તેથી વિશેષ કંઈ જ ન હોય ભીખી બાની કૂખને અજવાળી જ નહીં, તપસ્યાના તોરણોથી સજાવી, સૂર્ય સમાન પ્રકાશિત કરી દીધી. એ માતાને લક્ષકોટિ પ્રણામ.



આવી અસામાન્ય માતા જ જગતને કંઈક આપી શકે. જગતથી વિદાય લેતાં પહેલાં પૂ.શ્રી મા વિદેશ જવાના હતાં તો ગાડીમાંથી ઉતરી માએ ચરણ સ્પર્શ કર્યા તો, સમગ્ર શરીરે વ્હાલનો હાથ ફેરવી રક્ષા કવચ ધરી દીધું. એ સ્નેહ નીતરતા નેત્રો ને સમગ્ર વ્યક્તિત્વને પ્રણામ પ્રણામ પ્રણામ. પૂ.શ્રીમાએ ભીખી બાની વિશેષતા પર પદ લખ્યું.

○ કાલિમંદિરના પ્રાણ બન્યાં,<br>ભીખીબા સહુની શાન બન્યાં.

○ શાંત મધુરતાથી એતો મઢેલાં,<br>કાલિમંદિરને એ તો અજવાળતાં,<br>આશીર્વાદના થાળ બન્યા.

○ મૌન રહીને સઘળું સંભાળતાં,<br>હીંચકે બિરાજી સૌને ઉકેલતાં,<br>હે–સર્વ સ્વજનના પૂજ્ય બન્યાં.

○ આનંદ આઘાતને મૌનથી સ્વીકારતાં,<br>બાપુજીના આદર્શો વધાવતાં,<br>પારકા સહુને પોતાના કર્યા.

○ આસપાસ સહુની પડખે એ રહેતાં,<br>હૂંફ ધરીને હિંમત એ ધરતાં.<br>સાચા પાડોશી સહુના બન્યાં.

○ વિવિધ સમાજના આંગણે ઉતરતા,

મધરાતે પણ સહુને સન્માનતાં,
અન્નપૂર્ણાના રૂપ ધર્યાં.

○ દિન આખોએ કામમાં વિતાવતાં,
સહનશીલતા સહુને શીખવતાં,
સર્વ સદ્‌ગુણોના સ્વામિની બન્યાં.

○ પ્રભાતે દેવને પુષ્પો ચઢાવતાં,
દીવો કરીને દેવને વધાવતાં,
સાંજે પ્રાર્થના નિત્ય કરતાં.

○ સૌભાગ્યના શૃંગારે એ શોભતાં,
સુવર્ણ અલંકાર અંગે એ ધારતાં,
ગર્ભ શ્રીમંતના બાળ ખરાં.

○ સાદા ખાદીના વસ્ત્ર એ પહેરતાં,
સોનાના બટનથી એને સજાવતાં,
શ્રીમંતાઈનું ગૌરવ ગાતાં.

○ રેંટિયા ઉપર નિત્ય એ કાંતતાં,
ભરત ગૂંથણનો શોખ વીકસાવતાં,
હે—મધુરકંઠે ગીત ગાતાં.

○ વાડાના મધમધતા મધમધતા,
મોગરાનો ચૂંટતાં,
રાત્રે બિછાને સહુના એ મૂકતાં.



○ વ્યવહાર કુશળતા સહુ કોઈ વખાણતા,
કાર્યની પૂર્ણતા સહુ કોઈ માણતા,
કર્મ યોગિની સાચા ઠર્યાં.

○ સંત યોગેશ્વર એમને વધાવતા,
મસ્તકે ભાવથી પુષ્પ ચઢાવતા,
જીવન મુક્તિનો એ તો વર્યાં.

આ પ્રસંગે શ્રી શ્રી મા બીજી પણ એક વાત કહે છે. લક્ષ્મી ક્યાં તમારી હતી. પ્રભુએ આપી હતી ને પ્રભુના બાળકો માટે તે વાપરવાની હતી. નામ સાથે કેટલું બધું વળગણ ચોંટ્યું છે જે દેહ છોડતાં છૂટવાનું છે. આપણે શ્વાસ લેતા હતા ત્યારે કરોડના હતા શ્વાસ છૂટી ગયા તો કોડીના થઇ ગયા. અરે કોઇ તો કહે ભૂત થઇ ગયા. તરત જ સહુ કાઢવા માંડે. તેની બેંકની પાસબુક ના કાઢે. બધાના જ વ્યવહાર ક્ષણમાં બદલાઇ જાય. એટલે શ્રીમદ લખે છે,

**તું કોણ છે,**
**ક્યાંથી થયું, સ્વરૂપ તારું ખરું.**

એટલે સતત જાગતા રહેવાનું છે. પદનો, પ્રતિષ્ઠાનો, પૈસાનો, સેવાનો, નામનો કોઇ ખૂણે અહંકાર ના ઉઠવા દેવો.

# IMPACT OF 'A GURU'

**–Sejpal Mitra R (Student)**

–A Guru has his impact like spring season has, on all its trees Always gives out Best to his disciple without any desire even for fees.

–Knows How to encoutage the good points and motivate in every situation and course Arrives like the shower of Blessings directly desended from God's own force.

–Very few are such lucky who could get the great path show–ers, who can change the way of vision like Drastic wave of thundering mad oceans.

–All the grief and fear of facing the condition withers away when 'PRABHU' holds our finger to make us cross the ocean of Hurdles and drops at the another end of success.



# પૂ.માના સાન્નિધ્ય અંગે સાધક બાલિકાનો પ્રતિભાવ

**–કૃતિ જાગાણી**

**તા : ૫/૪/૧૬**

હે પરમસખી, અમારા અનંત જન્મોના અપરાધોને ક્ષમા કરનારી ક્ષમેશ્વરી, સૌને પ્રેમ ધરનારી પ્રેમેશ્વરી, સર્વજન્મની માતા આપના પાવન શ્રી ચરણોમાં પ્રણામ.

આપની મૌન એકાંત સાધના દરમિયાન સ્ફુરેલાં પદોમાં પ્રભુની પરમશક્તિ જ પૂ.મામાં કાર્ય કરી રહેલી છે. એ પદો આપે જ્ઞાન સ્વરૂપે બધા જ ભક્તોને પીરસી અને દરેકના મનઅંતરને કંઈક અમૃત ભોજન મળ્યું તેની સંતૃપ્તિ થઈ. અમારું મન આવા ભોજન લેવા માટે હંમેશા તત્પર છે અને રહેશે. આપ અમારી જેવી સિંહણબાળાઓને ગરબા જેવી રમત રમવા માટે પ્રેરો છો પરંતુ એ રમત ફક્ત રમત માનીને નથી રમવાની એવું મને સમજાય ગયું છે. દરેક તાલીએ અને દરેક કૂદકે પૂ.મા પ્રભુનું સ્મરણ સતત કરતા રહેવાનું છે. જીવનમાં પ્રણામ, બાવની, જપ, પ્રદક્ષિણા જેવી રમત સૌએ કાયમ માટે રમવા જેવી છે, કારણ એ રમત પૂ.મા –પ્રભુ ગણતા હોય તો તો અનેકને એના લાભ થનારી રમત છે, જેમાં ૧૦૦% રમનારની જીત હોય છે. ફક્ત વિજયને હાથમાં લઈને એ રમતના મેદાનમાં ઉતરવાનું હોય છે. ત્યાં હાર નથી, નિરાશ નથી હંમેશા વિજય જ પ્રાપ્ત થાય છે. માનસિક રીતે પૂ.મા –પ્રભુ સમીપે વસવાની આ ઉત્તમ રમત છે. બસ એવું મન થાય કે

મનથી નમ્યા કરીએ, વંદન કર્યા કરીએ અને સાથે સાથે પ્રણામ પણ કર્યા કરીએ. પૂ.મા –પ્રભુ સાથે મનથી સંતાકૂકડી રમ્યા કરીએ અને એ સંતાકૂકડીમાં સંતાયેલાં પૂ.મા –પ્રભુને મનથી સતત શોધ્યા કરીએ.

હે (મા) આપ અમારા સાચા ગુરુ બનીને, સંતબનીને, માર્ગદર્શક બનીને સતત જગાડતાં રહો છો. સંસારની વિવિધ ગૂંચોને આપ અમારી પ્રાર્થના વડે ખૂબ સુંદર રીતે ઉકેલતાં રહો છો, જેથી મને કોઇ ચિંતા થતી નથી. આપે જ કહ્યું છે કે ચિંતા ત્યારે જ થાય જ્યારે તમે ભગવાનથી મોટા થઇ જાવ. આપની પવિત્ર ગોદમાં હંમેશા હસતા રહીએ, રમતા રહીએ. આપના ચરણોમાં હંમેશા નમતા રહીએ. આપના નેત્રના હંમેશા અમે ભક્તો પ્રિય બાળ બનીએ અને અમારું સર્વસ્વ આપના શ્રીચરણ કમળમાં સમર્પિત કરીએ તેવા જ આશીર્વાદ આપજો. વિદેશની ધરતી પરથી ભારતની પુણ્ય ભૂમિ પર આપનાં શ્રીચરણો– આપના પાવન પગલાં અહીં જલ્દી જલ્દી પાડજો, જેથી અમે ફરી પાછાં જલ્દી આવી જઇએ.

– દુનિયાની ત્રણ મુર્ખતાઓ કેટલી હાસ્યાસ્પદ હોવા કેટલી વ્યાપક થઇ ગઇ છે, એ જોઇને આશ્ચર્ય થાય છે :

★ એક એ કે લોકો ધન ને એક શક્તિ માને છે,

★ બીજો એ કે લોકો પોતાને સુધાર્યા વિના બીજાને ધર્મોપદેશ આપતા રહે છે,

★ ત્રીજો એ કે કઠોર શ્રમથી બચતા રહીને પણ આરોગ્યની આકાંક્ષા રાખવામાં આવે છે.

**"શ્રી રામ શર્મા આચાર્ય"**



# શ્વાસની વચ્ચેના અંતરાલને જોવો

**–ઓશો**

આજના યુગની મોટી સમસ્યા માનવો માટે એ છે કે મન ખૂબ અશાંત રહે છે. તો એવા અશાંત મનને શાંત કેમ કરાય તેનો સીધો સરળ ઉપાય ઓશોએ એના ધ્યાનયોગમાં દર્શાવ્યો છે. કોઇપણ જીજ્ઞાસુ તેનો અનુભવ કરી શકે તેવી સરળ એ પ્રક્રિયા છે. શ્વાસ પ્રત્યે જાગ્રત થઇને તે કરશો તો તેનું પરિણામ તાત્કાલિક અનુભવાશે, એ અમારો જાત અનુભવ છે. એથી ભલામણ કરું છું.

**–તંત્રી**

શિવે કહ્યું : "હે દેવી, આ અનુભવ બે શ્વાસોની વચ્ચે ઘટિત થઇ શકે છે. શ્વાસ અંદર આવ્યા પછી અને બહાર પાછા જવાની બરાબર પૂર્વેનો અંતરાલ છે –મંગલ ક્ષણ"

જ્યારે તમારો શ્વાસ અંદર આવે તો એનું નિરીક્ષણ કરો. એ પછી એ બહાર કે ઉપરની તરફ વળાંક લે એ પહેલાં એક ક્ષણ માટે અથવા ક્ષણના હજારમાં ભાગને માટે શ્વાસપ્રક્રિયા બંધ થઇ જાય છે. એક શ્વાસ અંદર આવે છે; પછી એક બિંદુ છે જ્યાં શ્વાસ ઊભો રહી જાય છે. પછી શ્વાસ બહાર જાય છે. જ્યારે શ્વાસ બહાર નીકળી જાય છે તો પછી ત્યાં પણ એક ક્ષણને માટે અથવા ક્ષણાંશને માટે ઊભો રહી જાય છે. પછી શ્વાસ અંદર આવે છે.

શ્વાસ અંદર કે બહારને માટે વળાંક લે છે એ પહેલાં એક ક્ષણ છે જ્યારે તમે શ્વાસ નથી લેતા. એ જ ક્ષણમાં ઘટના ઘટે એ

સંભવિતા છે, કારણ કે જ્યારે તમે શ્વાસ નથી લેતા ત્યારે તમે સંસારમાં નથી હોતા. આ વસ્તુને સમજો : જ્યારે તમે શ્વાસ નથી લેતા ત્યારે તમે મૃત છો. તમે છો તો ખરા પણ મૃત. પરંતુ આ ક્ષણ એટલી નાની છે કે તમે તેને કદી જોવા નથી પામતા.

અંદર આવતો શ્વાસ એક નવો જન્મ છે, બહાર જતો શ્વાસ મૃત્યુ છે. બહાર જતો શ્વાસ મૃત્યુનો પર્યાય છે, અંદર આવતો શ્વાસ જીવનનો. એટલા માટે પ્રત્યેક શ્વાસની સાથે તમે મરો છો અને પછી ફરીથી જન્મ લો છો. બંનેની વચ્ચેનો અંતરાલ ઘણો જ નાનો છે, પરંતુ તીક્ષ્ણ તથા નિષ્ઠાપૂર્ણ અવલોકન અને સજગતાથી તમે એ અંતરાલનો અનુભવ કરી શકશો. પછી બીજું કંઇ નહીં જોઇએ. તમે ધન્ય થયા. તમે જાણી લીધું; ઘટના ઘટી ગઇ.

તમારે શ્વાસને પ્રશિક્ષિત નથી કરવાનો. એ જેવો છે એવો જ એને છોડી દો. તો પછી આટલી સરળ વિધિ કેમ? આ એટલી સરળ લાગે છે. સત્યને જાણવાને માટે આટલી સરળ વિધિ? સત્યને જાણવાનો અર્થ છે : એને જાણી લેવું જે ન જન્મે છે ન મરે છે, એ શાશ્વત તત્ત્વને જાણી લેવું જે સદા છે. તમને બહાર જતા શ્વાસનો બોધ થઇ શકે છે, તમને અંદર આવતા શ્વાસનો બોધ થઇ શકે છે. પરંતુ બંનેની વચ્ચેના અંતરાલને કદી નથી જાણી શક્તા.

આ પ્રયોગ કરો. અચાનક સૂત્ર તમારા હાથમાં આવી જશે અને તમે તેને પામી શકો છો : તે પહેલેથી જ મોજૂદ છે. તમારામાં કે તમારી સંરચનામાં કંઇ પણ જોડાવાનું નથી; એ તો પહેલેથી જ મોજૂદ છે. બસ એક હોશને બાદ કરતાં બીજું બધું જ છે. તો કઇ રીતે પ્રયોગ કરવો? પહેલાં અંદર આવતા શ્વાસ



પ્રત્યે સજગ થઇ જાઓ. એને જુઓ. બાકી બધું ભૂલી જાઓઃ બસ અંદર આવનારા શ્વાસને એના માર્ગને નીરખો. જ્યારે શ્વાસ તમારાં નસકોરાંને સ્પર્શ કરે, તો એને ત્યાં મહેસૂસ કરો. પછી શ્વાસને અંદર જવા દો. પૂરી સજગતાથી તેની સાથે આગળ વધો. જ્યારે શ્વાસની સાથે ઊંડે સુધી નીચે ઊતરો, ત્યારે શ્વાસનો સથવારો ન છોડો. ન તો એનાથી આગળ જાઓ અને ન એનાથી પાછળ રહો. એની બિલકુલ સાથેસાથે ચાલો. આ સ્મરણમાં રાખો : ન તો આગળ નીકળો, ન છાયાની જેમ તેની પાછળ ચાલો. તેની સાથે સમાંતર ચાલો—યુગપત્ થઇને ચાલો.

શ્વાસ અને ચેતના એક થઇ જાય. શ્વાસ અંદર જાય છે, તમે પણ અંદર જાઓ. ત્યારે જ એ બિંદુને પકડવું સંભવિત બનશે જે બે શ્વાસના મધ્યમાં છે. આ સરળ નથી.

શ્વાસની સાથે અંદર જાઓ, પછી શ્વાસની સાથે બહાર આવોઃ અંદર—બહાર, અંદર—બહાર. બુદ્ધે ખાસ કરીને આ વિધિનો ઉપયોગ કર્યો, એટલા માટે આ વિધિ એક બૌદ્ધ વિધિ બની ગઇ છે. બુદ્ધની ભાષામાં એને ''અનાપાનસતિ યોગ''ના નામથી ઓળખવામાં આવે છે. અને બુદ્ધનું આત્મજ્ઞાન આ વિધિ પર, આ જ વિધિ પર આધારિત હતું.

જો તમે શ્વાસ પ્રત્યે બોધનો અભ્યાસ કરતા રહો, તો એક દિવસ ચૂપચાપ જ તમે અંતરાલ પર પહોંચી જશો. જેમજેમ તમારો બોધ તીવ્ર, ગહન અને સઘન થશે, જેમજેમ તમારો બોધ સ્પષ્ટ આકાર લેશે—સમગ્ર સંસાર બહાર છૂટી જશે; અંદર આવતો અથવા બહાર જતો શ્વાસ જ તમારો સંસાર રહી જશે, તમારી ચેતનાનું એટલું જ કાર્યક્ષેત્ર રહી જશે—અચાનક તમે આ અંતરાલનો અનુભવ કરી જ લેશો જેમાં કોઇ શ્વાસ નથી હોતો.

જ્યારે તમે સૂક્ષ્મતાથી શ્વાસની સાથે ગતિ કરી રહ્યા હો, જ્યારે કોઇ શ્વાસ બાકી ન રહે, તો તમે બોધરહિત શી રીતે રહી શકો છો? અચાનક તમે સજગ તઇ જાઓ છો કે શ્વાસ નથી, અને એ ક્ષણ આવશે જ્યારે તમે અનુભવ કરશો કે ન શ્વાસ બહાર જઇ રહ્યો છે, ન અંદર આવી રહ્યો છે. શ્વાસ પૂરી રીતે ઊભો રહી ગયો છે. આ ઊભા રહેવામાં જ મંગલ ક્ષણ ઘટે છે.

### જીવતરમાં પ્રેમતણો સરવાળો કરીએ

તણખલાં ગોતી કોઇનો માળો કરીએ
જીવતરમાં પ્રેમતણો સરવાળો કરીએ...
તપતાં રે તાપમાં ઉભા અડીખમ
ગુલમહોર થઇએ ને ગરમાળો થઇએ
જીવતરમાં પ્રેમતણો સરવાળો કરીએ...
મોટા થઇ વેરીએ મબલખ હેત
કરમની ભાષામાં કુદરતનો તાળો થઇએ
જીવતરમાં પ્રેમતણો સરવાળો કરીએ...
આંખો મીંચીને લઉં બાથમાં આકાશ
આંસૂ લૂછી કોઇનાં પથ સુંવાળો કરીએ
જીવતરમાં પ્રેમતણો સરવાળો કરીએ...

–જનક ઝીંજુવાડિયા



# સંગ ચલત નહીં કોય

–સાધુ અક્ષરજીવનદાસ

'હાય રે મારું રતન રોળાઇ ગયું. કાળજું કપાઇ ગયું...એવું તે મેં ક્યું પાપ કર્યું કે મહારાજે એને વહેલી ઉપાડી લીધી!'

અમદાવાદના નથુ ભટ્ટને, પત્ની ધામમાં ગયાં તેનો વિરહ શમતો નથી. વારે વારે બળતી ચિતામાં પડવા દોડે છે પણ લોંઠકા આદમીઓ એમને ઝાલી લે છે.

ચિતા બળી ગઇ. રાખનો ઢગલો થયો. સંધ્યાની રંઝ્યું વળી ગઇ. ડાઘુઓ મસાણમાં ક્યાં સુધી બેસી રહે! સૌ નદીએ સ્નાન કરી કરી ઘર ભણી વહેતા થયા. પણ ભટ્ટજીને કશું સૂઝતું નથી. શ્રીનગરના મોભાદાર ભક્તોએ ખૂબ મનાવ્યા, સમજાવ્યા ને પરાણે નવડાવ્યા. હીરાચંદ ચોકસી, દામોદર પટેલ, લાલદાસ ગોરા, શંભુદાસ વગેરે ભક્તો ભેગા થઇને ભટ્ટને આશ્વાસન આપી રહ્યા છે. જેમ જેમ લોકો ખરખરે આવતા ગયા તેમ તેમ ભટ્ટજીનો વિરહ વધતો ગયો.

નથુ ભટ્ટ ભાગવતની પારાયણો કરતા. વૈષ્ણવોની હવેલીમાં પણ કથા કરવા જતા. શ્રીજીમહારાજનો આશ્રય કર્યો ત્યારથી મહારાજ સાથે ફરતા. મહિમા કહેતા. સર્વોપરીપણાનું ગાન કરતા.

આજ અચાનક આધેડ વયે પત્નીનો દેહ પડ્યો એનો કારમો ઘા ભટ્ટજીને હૈયે વાગ્યો.

સગાં–સ્નેહીઓ બેસણામાં આવતા, ખરખરો કરતા. પત્નીના ગુણ સાંભળી સાંભળી ભટ્ટજીનો શોક અનેક ગણો વધી

ગયો. એ ખુલ્લેઆમ કહેવા લાગ્યા : 'મહારાજે મારું જ ખોરડું ભાળ્યું? મારું સર્વસ્વ લૂંટાઇ ગયું, હાય હાય, હવે હું કેમ જીવીશ?'

હીરાચંદ ચોકસીએ કહ્યું : 'ભટ્ટજી! આમ ને આમ રડ્યા કરવાથી શું વળશે! તમે તો જ્ઞાની છો, ભાગવતના ભણેલા છો..'

'ભાઇ, પગ તળે રેલો આવે ત્યારે ખબર પડે, જ્ઞાન તો મહારાજનું જ આપેલું છે પણ ભટ્ટાણીને વહેલાં તેડી લીધાં ને મને વિધુર કર્યો. મહારાજ કેટલા નિર્દય છે! મને એકલો–અટૂલો કરી દીધો! અરે રે, મહારાજ! તમે કેટલા નિષ્ઠુર છો!'

અમદાવાદના એ વખતે આગળ પડતા હરિભક્તોએ ખૂબ સાંત્વન આપ્યું પણ ભટ્ટજીની આંખોમાંથી શ્રાવણ–ભાદરવો વરસ્યે જ જાય છે.

એક એવો બીજો ને બીજો એવો ત્રીજો... એમ પંદર–પંદર દિવસ અમદાવાદને માથે ઊગીને આથમી ગયા! ભટ્ટાણીનું બારમું–તેરમું પણ ઊકલી ગયું. છતાં પણ ભટ્ટજીને ગળેથી પાણીનું ટીપું ઊતરતું નથી. અને હવે તો આંખો પણ આંસુ વગરની સુણાઇ ગઇ છે, લાલઘૂમ થઇ ગઇ છે.

દામોદરભાઇ અને લાલદાસ ગોરાએ નક્કી કર્યું કે ભટ્ટજીને હવે વહેલી તકે મહારાજ પાસે લઇ જવા જોઇએ. નહીંતર આમ ને આમ ચિત્ત–ભરમ થઇ શકે.

મહારાજનું વિચરણ પૂછતાં માલુમ પડ્યું કે અલબેલો આવતી કાલે જ જેતલપુરને આંગણે પધારી રહ્યા છે. સૌએ ભટ્ટજીને સમજાવી–પટાવીને વેલમાં બેસારી જેતલપુર પહોંચાડ્યા. ★



શિયાળાની ઋતુ છે. સાંજનો સમય છે. ઠંડીનો ચમકારો છે. પ્રભુએ ઘાટાં વસ્ત્રો પહેર્યાં છે. હરિભક્તો ગામો ગામથી દર્શને ઊમટી રહ્યા છે. દંઢાવ્ય દેશના ભક્તોને સુખ આપવા પ્રભુ પધાર્યા હોઇ બાઇ–ભાઇ મોટી સંખ્યામાં આવ્યાં છે.

જેતલપુરના મહોલ પર સભા ભરીને વહાલો વિરાજ્યા છે. કીર્તનિયા સંતોએ ગાવણું કર્યું :

રે શ્યામ! તમે સાચું નાણું,
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી
તેથી મારી મનવૃત્તિ અટકી...

સભા આખી વરમાળાની મૂર્તિના ડોલન સાથે ડોલી રહી છે. એવામાં નથુ ભટ્ટને બે બાજુથી ઝાલીને લોંઠકા ભક્તોએ સભાપ્રવેશ કર્યો. અલબેલાએ આંખને ઇશારે નજીક લીધા. ઢોલિયા સન્મુખ બેસારી દીધા. અંતર્યામીથી શું અજાણ્યું હોય!

વળી, બ્રહ્માનંદ સ્વામીએ માઠી હલકથી કીર્તન ઊપાડ્યું :

'હરિ ભજતાં સુખ હોય,
સમજ મન! હરિ ભજતાં સુખ હોય.
માત–પિતા જુવતી સુત–બાંધવ, સંગ ચલત નહીં કોય...'

સંતોનાં ભક્તિ અને વૈરાગ્યનાં પદો સાંભળવામાં એક કલાકનો સમય ક્યાં વીતી ગયો! કોઇને ભાન ન રહ્યું.

એ દિવ્ય સભા : મહારાજની માધુરી મૂર્તિ : સૌમ્ય સંતોના મધુર કંઠે ગવાતાં પદો : સૌને ભાવ સમાધિ લાગી ગઇ હતી.

સૌ કીર્તનોના શબ્દે શબ્દે આનંદના ઉભરા અનુભવતા હતા, પણ નથુ ભટ્ટના કાળજા પર એ જ શબ્દો જાણે ચાબુક બની ગયા હતા. એના એક એક ફટકારે ભટ્ટજી વલોવાતા

રહ્યા. ન તો આંખો ખોલી શક્યા, ન મૂર્તિને માણી શક્યા.

કીર્તન વિરમ્યાં. હરિવરે નેણ ખોલ્યાં ને એ મધુર દૃષ્ટિપાતમાં સૌને ભરી દીધા.

'હેં...સુરા ખાચર! માણસને વહાલામાં વહાલું શું હશે?'

'વહાલો તો પ્રભુ, પોતાનો જીવ ગણાય. અમારે આ સંસારમાં ધણી મરે તેની જાણ ધણિયાણીને થાય કે તરત રસોડામાં જઇ પ્રથમ પોતાનું પેટ ભરી લે, પછી કોણ જાણે રડવા–કૂટવામાં ક્યારે રોટલા ભેગું થવાય?'

સાંભળી મહારાજ હસ્યા ને કહ્યું : 'પણ આ ભટ્ટજીને પૂછો, એમણે તો જીવ કરતાં પણ વહાલી પત્નીને ગણી છે. આજ ૧૫ દિવસ થયા ભટ્ટજીને ગળે કંઇ ઊતરતું નથી!' એમ કહી મર્માળાએ આંખ મીંચકારી.

સુરા ખાચરે પણ તત્કાળ મર્મ જાણીને વળતી સોગઠી મારી :

'અરે મહારાજ! તમે પણ એવા નમેરા છો કે ભક્તનું પણ જાળવ્યું નહીં! ભટ્ટાણીને કાચી વયે તાણી લીધા તે ભટ્ટજીને વસમું લાગે જ ને! આ તો રીંગણી માથે હીમ પડ્યું!'

સુરા ખાચરને પોતાના પક્ષે બોલતા જોઇ ભટ્ટજીને જીવમાં જીવ આવ્યો.

મહારાજે કહ્યું : 'ભટ્ટજી! આ દુનિયા છોડીને એકવાર તો સૌએ જવાનું જ છે એમાં શોક શાનો?'

એમ કહી સુરાખાચરને પૂછ્યું : 'બાપુ! માણસ જીવે છે તે આશ્ચર્ય? કે મરે છે તે આશ્ચર્ય?'

'મને તો બેઉ આશ્ચર્ય જ લાગે છે, છતાં મર્યા પાછળ રડે ને કૂટે તે મોટું આશ્ચર્ય લાગે છે! અમારી જેવા જાડીબુદ્ધિના જીવનું



તો જાણે સમજ્યા પણ ભટ્ટજી જેવા શાસ્ત્રોના જાણકાર, કથાકાર આવું કરે ત્યારે તો આશ્ચર્યની હદ કહેવાય.'

હવે વહાલાએ ધીરે ધીરે સાંખ્ય વિચારનો દોર હાથમાં લીધો ને વાત માંડી : 'હમણાં સંતોએ કીર્તન ગાયાં તેમાં આવ્યું ને, 'સંગ ચલત નહીં કોય...' આ લોકની કોઇ વસ્તુ સાથે આવી શકતી નથી. બધું અહીં જ પડી રહે છે. દૃઢ આશરાવાળા ભક્તને અમારી મૂર્તિ વિના ક્યાંય ચિત્ત લાગે નહીં. એ તો કાળને પણ ગરદન મારે. ખરેખર મૃત્યુ દેહનું છે જીવનું નથી. આત્મા તો અજર–અમર છે. એને કોઇ સાથે નાતો નથી. સંસારમાં સૌએ મિથ્યા નાતો જોડ્યો છે એ એકવાર તો તૂટશે જ. એટલે, અવિચળ નાતો અમારી સાથે, અમારા એકાંતિક સાધુ સાથે કરી દેવો.'

પરબ્રહ્મની આ અમૃતવર્ષાથી ભટ્ટજીને અંતરે શાતા વળી ગઇ. અડધો શોક ઓસરી ગયો.

★

એ સભામાં ગામડી ગામથી સંઘ આવેલો. તેમાં બાઇઓ પણ હતાં. આ સંઘમાં કડવા પટેલ માધવજીના પત્ની રૂડીભાઇ પણ આવેલાં. હજુ તો તાજાં જ પરણીને આવ્યાં છે. નવવરઘોડિયાં છે. પાનેતરની ગાંઠ છોડવાની બાકી છે. મીંઢળ પણ કાંડે એમ જ રહી ગયાં છે.

રૂડીબાઇએ મહારાજને છેટેથી હાથ જોડ્યા. ખોળો પાથરી પંચાંગ પ્રણામ કર્યાં. અને વિનંતી કરતાં કહ્યું : 'હે પ્રભુ! મને તમારે શરણે લો, સત્સંગી કરો. ગંગામાને કહો મને વર્તમાન ધરાવે.'

સાંખ્યયોગી બાઇ ભક્તોના સમાગમથી રૂડીબાઇને

મહારાજનું સ્વરૂપ ઓળખાયું હતું. પરાત્પર પૂર્ણ પુરુષોત્તમનારાયણે સ્વયં માનવ દેહ ધારણ કર્યો છે એ સમજણ રૂડીબાઇમાં ઊગી ગઇ હતી.

અલબેલાએ આંખો પલકારી ઉત્તર વાળ્યો : 'અમારાં વર્તમાન અઘરાં છે. 'પરણ્યો એ પતિ અને બીજા બધા ભાઇ–બાપ' આ નિશ્ચય દૃઢ કરીને જીવન જીવવું હોય તો વર્તમાન મળે.'

'આપ જેમ કહો તેમ પ્રભુ! હું પરણી તે પતિ ને બીજા ભાઇ–બાપ, એમાં ફેર નહીં પડે.'

મહારાજ કહે : 'બાઇ! આજકાલ એવું કહેનારા ઘણા મળે છે પણ પરણ્યા પતિને જ ભાઇ–બાપ કરે એવા કેટલાં! અમારાં વર્તમાન તો એવા વ્રતધારીને શોભે.'

'ભલે મહારાજ! હું જેની સાથે પરણી છું તે આજથી મારો ભાઇ બાપ! બસ, પ્રભુ!'

સાંભળીને સભામાં સન્નાટો છવાઇ ગયો. માધવજી પટેલ થોડી ગમ ખાઇ ગયો. પણ એવામાં જ હરિવરે એમના પર એવી કરુણાની મીટડી માંડી ને ઓઠ મલકાવ્યા કે માધવજીને અંતરમાં એવી એક પ્રતીતિ થઇ આવી : શ્રીજીમહારાજ તો ભગવાન છે, એ કહે એમાં કંઇક તો મર્મ હશે જ.

પટેલ મનોમન સમજી રહ્યા ને હરિવરનાં હેતમાં નાહતા રહ્યા.

રૂડીબાઇની દૃઢતા જોઇ પ્રભુ તેમના પર વારી ગયા પણ હજુ તેમને કસવાનાં હતાં. હરિવર બોલ્યા : 'પરણ્યા ધણીને ભાઇ–બાપ કહેનારા ય ઘણાં મળે પણ એનો ત્યાગ કરી ધોળાં પહેરી ભગવાન ભજવા ચાલી નીકળે એવાં કેટલાં!'



'પ્રભુ! તૈયાર છું. આપ મળ્યા છો, હવે મારે કંઇ પામવાનું રહ્યું નથી!'

મહારાજ કહે : 'એમ, તો હાલ માથું મુંડાવી નાખો અને આ સાંખ્યયોગી બાઇઓ ભેગાં બેસી જાવ...'

રૂડીબાઇને આજ હરખનાં તેડાં હતાં! નવોઢાનાં અરમાન એણે પળમાં આકડાના તૂરની પેઠે ઉડાડી મૂક્યાં!

'ભલે મહારાજ!' કહી બાઇએ હાથ જોડ્યા. આ જોઇ હરિવરનું હૈયું ઉભરાઇ ગયું. નેત્રના ખૂણા ભીંજાઇ ગયા!

'ધણીને તો પૂછી લે બાઇ!' એટલું તો મહારાજ માંડ બોલી શક્યા. રૂડીબાઇએ કહ્યું : 'અનંત ધણીઓના ધણી આપ છો પ્રભુ! 'જૂઠા સંગે હારે શિર પટકી,' 'સંગ ચલત નહીં કોય'– હમણાં આપના સંતોએ ગાયું તે શું જૂઠું?'

હોંશીલા હરિવરે હેતમાં કહ્યું : 'હેં સુરાખાચર! કોણ ચઢે? આ બાઇને અમારાં પ્રથમ જ દર્શન થયાં છે. હજુ પાનેતરની ગાંઠ છોડવાની બાકી છે અને બધું ત્યાગવા તત્પર થયાં છે. અને આ નથુ ભટ્ટ! આજ સુધી અમારા થાળની કેટકેટલી પ્રસાદી જમી ગયા, બીજાને કથાવાર્તા કરી અમારામાં જોડ્યા પણ એમનું જોડાણ બીજે થઇ ગયું છે! કહો બાપુ! કોણ ચઢે! આ જૂના સત્સંગી ચઢે કે આ અમારાં નવાં સત્સંગી ચઢે?'

સુરા ખાચરે ઠાવકાઇથી ભટ્ટજી સામે જોયું.

નથુ ભટ્ટના હૈયાના તોતીંગ દરવાજા ઊઘડી ગયા. શરીરમાં કંઇક ચેતન આવ્યું. ભટ્ટજીએ ખૂબ નમ્ર ભાવે કહ્યું : 'પ્રભુ! આપે આજ મારી ભૂલ ઓળખાવી. હે નાથ! આપ મુખોમુખ મળ્યા છતાં અમારી જીવદશા કેમ લેશમાત્ર બદલાતી નથી!'

મહારાજ કહે : 'ભટ્ટજી! સંસાર આખો એ ચકરાવે ચઢ્યો

છે. અમારી મરજીથી સુખ–દુઃખ, હાનિ–વૃદ્ધિ સૌને પ્રાપ્ત થાય છે. જન્મ્યું એ મરી જવાનું નક્કી વાત છે, ઝાંઝવાનાં જળમાં ભીનાશ હોય નહીં, એમ સંસાર અસાર છે. એમાં કોઈ વસ્તુ સત્ય નથી, સાચી મનાય છે તે ભ્રમણા છે. જીવમાત્રને આ ભ્રમણા વળગી છે. ગોડિયો ખેલ કરે ને પૂતળાં નચાવે એનો નાચ જોઈ લોકો વાહવાહ પોકારે–પણ બધું મિથ્યા છે. પૂતળાં ખોટાં છે એમ સંસારના વેલે વળગેલાં આ બધાં તુમડાં ખોટાં છે. અજ્ઞાની જીવ સાચું માનીને મોહાય છે. જ્ઞાનીને મતે બધું મિથ્યા છે. આત્માને કોઈ સગું–વહાલું નથી. આ સાંખ્ય વિચારની દૃઢતા હશે તો જ અમારા સ્વરૂપમાં જીવ જોડાશે!'

ભટ્ટજીએ કહ્યું : 'મહારાજ! આ વાત આપે ઘણીવાર કરી છે પણ અંતરમાં આજ ઠરી.'

મહારાજે કહ્યું : 'હવે ઠરી છે તો મનન–ચિંતન કરતા રહેજો.'

બ્રહ્મચારી લીંબુનું શરબત લાવ્યા ને હરિવરે નિજ હાથે ભટ્ટજીને પારણાં કરાવ્યાં.

રૂડીબાઈ ને માધવજી બંને નવદંપતી મહારાજ પાસે આવ્યાં. આજ્ઞા યાચી : 'હવે અમને કાયમ માટે આપનાં ચરણોમાં રાખો. આપનો સંબંધ જ શાશ્વત છે પ્રભુ!'

ત્યારે મહારાજે તેમને કહ્યું : 'તમે સંસારમાં જ રહો, સ્ત્રી તો સંસારમાં જ શોભે. ભજન–ભક્તિ કરજો, અમારી મૂર્તિને હૃદયમાં ધારજો.' કોઈ બીજી વસ્તુ અંતરમાં ન પેસી જાય તેનું જાણપણું રાખજો...કારણ કે 'સંગ ચલત નહીં કોય...'



# નારદ ભક્તિસૂત્ર(૧)

–શ્રી યોગેશ્વરજી

સંસ્કૃતમાં જે કેટલાક ઉત્તમ કોટિના ભક્તિવિષયક ગ્રંથો છે તેમાં નારદ ભક્તિસૂત્ર ઓછું અગત્યનું અથવા તો ઓછું મૂલ્યવાન નથી મનાતું. એ ભક્તિસૂત્રની સરળતા ને સરસતા તથા સચોટતા ને વિદ્વત્તા વિદ્વાનોમાં પણ આદરણીય મનાય છે. ભક્તિસંબંધી એ સૂત્રો ભક્તિમાર્ગના ગ્રંથોમાં સર્વોત્તમ જેવાં ગણાય છે. એ સૂત્રોને શ્રી યોગેશ્વરજીએ પ્રેમભક્તિ પુસ્તકમાં રજૂ કર્યાં છે. અને આ પુસ્તકમાં એ પ્રત્યેક સૂત્ર પર એકેક વિવરણ કે નિબંધ લખવામાં આવ્યો છે.

જેમને ભક્તિની સાધનામાં રસ છે, અથવા તો જીવનના શ્રેયસાધન માટે આદરભાવ છે, એમને આ નિબંધોનું વાચન ગમશે ને પ્રેરક થઈ પડશે. એવી આશા રાખું છું.

–તંત્રી

## ૧. ભક્તિ નિરાળું સાધન છે

પરમશાંતિની પ્રાપ્તિ, બંધનની નિવૃત્તિ ને પરમાત્મદર્શનને માટે જેટલાં સાધન છે તેમાં ભક્તિ એક નિરાળું સાધન છે. યોગ, જ્ઞાન ને ઉપાસનાના ત્રણ મુખ્ય સાધનમાર્ગોમાં ભક્તિ કે ઉપાસનાનો માર્ગ વધારે સરળ, સીધો ને સર્વોપયોગી છે એમ જ્ઞાની કે વિદ્વાનોનો મત છે. યોગ કે જ્ઞાનમાર્ગે અમુક અધિકારસંપન્ન માણસો જ જઈ શકે છે. જ્યારે ભક્તિનો રાજમાર્ગ તો બાળક, યુવાન, વૃદ્ધ, રોગી, નિર્બળ, અપંગ ને નિરાધાર તેમજ નિર્ધન ને સ્ત્રી કે નાતજાતના કોઈએ ભેદભાવ વિના મનુષ્ય માત્રને માટે ખુલ્લો છે. સુદ્રઢ શરીરવાળા કે નિર્બળ

દેહી, નિરક્ષર કે ખૂબ જ સાક્ષર, નિર્ધન કે જેમને ત્યાં ધનના ભંડાર ભર્યાં છે તેવાં, સર્વે પ્રકારના માણસો ઈશ્વરને ભજી શકે છે, પ્રેમ કરી શકે છે, ને એ રીતે આ ભક્તિમાર્ગનાં પ્રવાસી બની ઈશ્વરદર્શન કરી જીવનની પૂર્ણ સફળતા, સુખશાંતિ ને સમૃદ્ધિ મેળવી કૃતાર્થ થઈ શકે છે.

ભક્તિમાર્ગની આ ખૂબી છે. તેમાં કોઈ અધિકારની જરુર નથી. જે અધિકાર કે યોગ્યતા જોઈએ તે ભક્તિનું સાધન કરતાં કે ભક્તિમાર્ગમાં પરિપક્વતા આવતાં આપોઆપ આવી જાય છે. પાપી ને પુણ્યશાળી બધા જ આ ભક્તિમાર્ગના અધિકારી થઈ શકે છે. જેમ પૃથ્વી બધાને માટે છે; પવન, પાણી ને આકાશ પર બધાનો અધિકાર છે, તેમ ઈશ્વર જીવમાત્રનો છે, બધાનેય તેની પ્રાપ્તિ કરવાનો જન્મજાત હક કે અધિકાર છે. ભક્તિ પણ કાંઈ ભગવાનથી જુદી નથી. તે ભગવાનનું જ સ્વરૂપ છે, ભગવાનના પ્રેમનું કિરણ છે. એટલે ભગવાનની જેમ ભક્તિ પર પણ જીવ માત્રનો જન્મસિદ્ધ અધિકાર છે. ફક્ત તે અધિકારનું ભાન કે જ્ઞાન માણસને થવું જોઈએ.

રાજા હોય છતાં રાજા તરીકેના પોતાના અધિકારને ભૂલી ગયો હોય તેમ માનવ ઈશ્વરનો પ્યારો છે, ઈશ્વરમય છે, છતાં તે સત્યને ભૂલી ગયો છે. આ ભૂલ સુધારવાને બદલે જીવનમાં તે કામ પણ એવાં કરે છે કે ઈશ્વરથી તે વધારે ને વધારે વિમુખ બનતો જાય છે, ને નશ્વર સંસાર ને વિષયોના વમળમાં અટવાઈ કામ, ક્રોધ, લોભ, સ્વાર્થ ને મમતા તેમ જ અહંતાથી આવૃત્ત થઈ સુખ ને દુઃખ જેવાં જોડકાંમાં ઝુલ્યા કરે છે. પરમશાંતિ ને આનંદની પ્રાપ્તિની તેની ઈચ્છા ને ઝંખના એવી જ અપૂર્ણ ને નિષ્ફળ રહી જાય છે.


ભક્તિ માર્ગના પ્રવાસી બની ઈશ્વરની કૃપાને મેળવવા ઝંખનાર માણસને માટે આથી ઊલટું જ બને છે. તેના સંબંધમાં શું બને છે તેનો વિચાર આપણે ક્રમેક્રમે કરીશું. હમણાં તો એટલું જ કહીશું કે ખેતરમાં ખેતી કરનાર ને કોસ ફેરવનાર ખેડૂત, કાળી મહેનત કરનાર મજૂર, ફેરિયા ને બંગલામાં રહેનારા કે આશ્રય વિના ફરનારા ને ફૂટપાથ પર સૂઈ રહેનારા સર્વ કોઈ આ ભક્તિને માર્ગે જઈ શકે છે, ઈશ્વરી કૃપાનો અનુભવ કરી ઈશ્વરદર્શન કરી શકે છે, ને બીજાને તેમ કરાવી શકે છે.

આ ભક્તિનો ટૂંકો વિચાર આપણે અહીં કરીશું.

### ૨. ભક્તિ કોને કહેવાય?

આજે ઘણા માણસો પોતાને ભક્ત કહેવડાવે છે ને ભક્તિમાં મગ્ન તરીકે મનાવે છે, પરંતુ ભક્તિનું સાચું રહસ્ય તેમની જાણમાં ભાગ્યે જ હોય છે. પ્રભુની અંદર ખૂબ જ પ્રેમ થાય, બીજા કોઈ જ સંસારી પદાર્થને માટે નહીં, પણ પરમાત્માને માટે ખૂબ જ પ્રગાઢ ને પરમ અનુરાગનો ઉદય થાય, ત્યારે પ્રેમ કે ભક્તિ થઈ એમ કહેવાય છે. કેવળ પ્રભુનું નામ લેવાથી, ટીલાંટપકાં કરવાથી, ભજન ગાવાથી કે રામાયણ ને ભાગવત જેવા બીજા ધર્મગ્રંથોની કથા કરવાથી જ કોઈ ભક્ત બની શકતું નથી. ભક્તિ એટલી સહેલી વસ્તુ નથી. ભક્તિ તો શિરનો સોદો છે, જીવસટોસટનો વ્યાપાર છે. શેરડીના સાંઠાને પીલીપીલીને તેમાંથી મધુમય રસ કાઢવામાં આવે છે, તેમ ભક્તિના રસને જાગ્રત કરવા કઠિન પરિશ્રમ કરવો પડે છે, અંગેઅંગને ગાળીને તપાવી નાખવું પડે છે, ને વાસના ને વિકાર, અહંતા ને મમતાની આહુતિ આપી દિવ્ય ઈશ્વરી પ્રેમના અગ્નિને પ્રજ્વલિત કરવો પડે છે.

મંત્ર ને જપની ઉપાસના, યજ્ઞયાગ ને બીજાં અનુષ્ઠાન એ પણ ભક્તિ નથી. એથી ભક્તિનો ઉદય થઇ શકે છે, ભક્તિ પ્રકટ કરવાનાં એ સાધન છે એ સાચું, પરંતુ ભક્તિના રાજમંદિરનો કળશ એથી અત્યંત દૂર છે. ભક્તિરસની પ્રાપ્તિ માટે એથી આગળ વધીને સાધકે ખૂબ જ લાંબી મજલ કાપવી પડે છે, હિંમત ને ધીરજ તેમજ લગન લઇને ભક્તિના મહામંદિરના છેક જ ગુરુશિખર સુધી ચઢવું કે પહોંચવું પડે છે, એમાં સંદેહ નથી.

સાચી ભક્તિ કોને કહેવાય? પરમાત્માને માટે પરમ પવિત્ર પ્રેમનો ઉદય થયો એ કેવી રીતે જણાય? જ્યારે પ્રભુના નામનું કીર્તન કરતાં હૃદય ઉલ્લાસથી ભરાઇ જાય, પ્રભુના ગુણગાન ગાતાં હૈયું હાથ ના રહે, મન પ્રેમ ને આનંદથી તરબોળ બની જાય, ને પ્રભુના જ સ્મરણમાં મનનમાં ને ભજનમાં આનંદ લાગે, તે વિના બીજું કાંઇ ના ગમે, ત્યારે સાચા અર્થમાં ભક્તિ જાગી, પ્રભુનો પ્રેમ સાંપડ્યો એમ કહેવાય છે.

સંસારી પદાર્થો માટે માણસને કેટલી પ્રીતિ છે! સ્ત્રી, ધન, ઘર—બહાર ને પોતાના દેહ ને નામ માટે કેટલી મમતા છે! વિષયરસમાં માનવને કેટલી આસક્તિ છે! તે પ્રાપ્ત થતાં તે સુખ માણે છે, ને તેથી વિયોગ થતાં દુઃખનો અનુભવ કરે છે. એટલી જ—બલ્કે એથીય વધારે પ્રીતિ ઈશ્વરને માટે થવી જોઇએ. ઈશ્વર વિના બીજું કોઇ જ મારું નથી એ મમતાનો ભાવ હૃદયમાં ઠસી જવો જોઇએ. ઈશ્વરના સ્મરણ, મનન ને કીર્તનમાં સ્વર્ગસુખ લાગવું જોઇએ. માછલી જેમ પાણી વિના જીવી શકતી નથી, શરીર તેના પ્રાણ આત્મા વિના ટકતું નથી, તેમ ઈશ્વર વિના જીવી શકાય નહીં, ચેન પડે નહીં, શાંતિ થાય નહીં, તેવી



અવસ્થા થઇ જવી જોઇએ. તાપથી તપતા ભયંકર રણપ્રદેશમાં જે પ્રવાસ કરે છે ને ઉનાળાની લૂમાં ધીમે ધીમે ચાલે છે, તેને છાયા ને પાણીની કેટલી તીવ્ર તરસ લાગી હોય છે? તેના શરીર પર ખૂબ જ પરસેવો થાય છે. પણ તે કાંઇ તરસ છીપાવવાના કામમાં નથી આવતો. માથા પર કપડાનું આવરણ નાખીને તે ચાલે છે. પણ તેથી કાંઇ તેના અંતરનો ને રોમરોમનો દાહ નથી શમતો. તે માટે તો છાયા ને પાણી જ જોઇએ. તેવી જ રીતે સંસારના ઘોર રણનો જે પ્રવાસી છે, તેના તાપ વિષયી સુખોની નાશવંત ને મિથ્યા છાયાથી નથી મટતા, તેમજ રસના સેવનથી તેની તરસ પણ નથી છીપતી. શાંતિ માટેની તેની તરસ તો એક ઈશ્વરને શરણે જવાથી જ શમે છે : ઈશ્વરની પ્રેમૌષધિનું સેવન કરવાથી જ તેનાં દુઃખદર્દ ને પરિતાપ શાંત થાય છે, ને ભય, વિષાદ ને મૃત્યુના બંધનથી મુક્ત થવાની તેની ઝંખના પણ એક ઈશ્વરના દર્શનથી જ તૃપ્ત થાય છે. ઈશ્વરને છોડીને કોઇ માણસ ભય ને મૃત્યુ કે અલ્પતા ને પરિતાપથી મુક્ત થયો હોય એવું સંસારના ઇતિહાસાં આજ લગી તો બન્યું નથી, ને હવે પછી બનશે તેવો સંભવ પણ નથી. જેમ સૂરજ પૃથ્વીની અંદર ઉગી ના શકે, ધૂળ ને પત્થર ખાઇને માણસ સૃદૃઢ ના બને, તેમ ઈશ્વરી પ્રેમના આસ્વાદ વિના કેવલ ધનધાન્ય, સ્ત્રી પુત્ર કે ભૌતિક વસ્તુઓના વિલાસથી માણસને પૂર્ણતા ને શાંતિ ના જ મળી શકે. પૂર્ણતા ને શાંતિની પ્રાપ્તિ માટે તો દિવ્ય ઈશ્વરી પ્રેમના ભિખારી થવું જોઇએ, ઈશ્વરને મેળવવા કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તલપાપડ થવું જોઇએ, અધીરા બનવું જોઇએ, રડવું ને કકળવું તેમજ જોઇએ, ને તનમન અંતરથી એક ઈશ્વરના જ દાસ કે ભક્ત બની રહેવું જોઇએ.

આવો અનુરાગ ના જાગે ત્યાં લગી ભક્તિ થઈ એમ કેમ કહેવાય? આજે તો માણસ ધંધામાં નુકશાન થાય કે કોઈ સ્વજનનું મૃત્યુ થાય તો મન મૂકી રડે છે. રોગમાંથી બચવા માટે અધીરો બની વૈદ કે દાક્તરનું શરણ શોધે છે. સંસારની ચિંતામાં ઊંઘી પણ શકતો નથી. પણ ઈશ્વર ક્યારે ને કેમ કરી મળશે એ ચિંતામાં પથારીમાં રાતભર પાસાં ફેરવવાં પડ્યાં ને ઊંઘ ના આવી એવું એક પણ દિવસ બન્યું? ઈશ્વરને માટે એક આંસુ પણ પડ્યું કે ઈશ્વરને જોવા માટે તલપાપડ ને વ્યગ્ર બનાયું? હૃદયમાં અહંકાર, કામ, ક્રોધ, વિષયભૂખ ને વાસનાનું જ્યાં લગી સામ્રાજ્ય છે, ત્યાં લગી આ ઈશ્વરી પ્રેમ પ્રગટી શકતો નથી. સૂર્યના તાપમાં તારા દેખાતા નથી, તેમ કપટ ને દંભ ને મલિનતામાં ડૂબેલા માણસના દિલમાં પ્રભુના પ્રેમનો પ્રકાશ થઈ શકતો નથી. એટલે સૌથી પહેલાં તો માણસે હૃદયને શુદ્ધ કરવા પ્રયાસ કરવો જોઈએ ને તે પછી મીરાં, નરસી, તુકારામ કે તુલસી ને સુરદાસની જેમ ઈશ્વરના વિશ્વમનોહર રૂપને જોવા આતુર બનવું જોઈએ. ઈશ્વરના પ્રેમરંગે રંગાઈ જવું જોઈએ ને ઈશ્વર વિના બીજી બધીયે વસ્તુ કે વ્યક્તિના રસને પડતો મૂકી, મમતાની અતૂટ ને મજબૂત ગાંઠે એક ઈશ્વરમાં જ બંધાઈ જવું જોઈએ, ને ઈશ્વરની રૂપ સુધાના પ્યાસી બનવું જોઈએ. ત્યારે જ ભક્તિ પ્રકટી એમ કહેવાય છે.

આ કાંઈ એક દિવસનું કામ નથી. આ તો અનેક જન્મોનું, રાતદિવસની સતત સાધનાનું ફળ છે. મૂંગે મોઢે ને દૃઢ નિરાધારથી આ કામ કરવું જોઈએ. માણસમાં સત્યતા, પ્રમાણિકતા ને ઈશ્વરપરાયણતા હોય તો આ કામ સહેલું થઈ જાય છે. ત્યારે જ જીવન સફળ થઈ જાય છે.



# મૃત્યુઃ અનિવાર્ય છે ત્યારે...

–સ્વામી વિદિતાત્માનંદજી

## મૃત્યુઃ અનિવાર્ય ઘટના

**આ**પણને પ્રશ્ન થાય કે જેમને આત્મા અને અનાત્માનો વિવેક છે તેમને શોક થતો નથી, પરંતુ અમે તો હજુ એ કક્ષાએ પહોંચ્યા નથી. અમારી દૃષ્ટિએ જન્મ અને મૃત્યુ સાચાં જ છે, તો પછી કોઈના મૃત્યુથી શોક તો થાય જને! અમારી પ્રિય વ્યક્તિના મૃત્યુથી અમારા જીવનમાં ખોટ તો પડી જને? આત્મા અમર હોવા છતાં સ્વજનની એ ખોટ શું પુરાવાની છે? હવે અમને એ સ્વજનનો સહવાસ, એની હૂંફ શું ફરી મળવાનાં છે? આત્મા અમર હોય તોપણ અમારા જીવનમાં તે શું કામ લાગવાનો છે? જે આ એક દેહ સાથે સંકળાયેલો હતો, જીવંત હતો, હાલતોચાલતો–બોલતો હતો તે આત્મા તે રીતે તો અમને ઉપલબ્ધ નથી જને? તે વ્યક્તિને કારણે જે આશ્વાસન હતું, સુરક્ષા હતી તે તો હવે અમને પ્રાપ્ત ન જ રહીને? તેની પાસે અમારી કેટલી બધી અપેક્ષાઓ હતી, તેનું જીવન કેટલું આશાસ્પદ હતું, એ તો બધું છીનવાઈ જ ગયુંને? આત્મા અમર છે એ જ્ઞાનથી આ બધી વ્યાવહારિક પરિસ્થિતિમાં શો ફેર પડવાનો છે?

ભગવાન કૃષ્ણ આનો ઉત્તર આપતાં કહે છે કે જો જન્મ અને મૃત્યુને વાસ્તવિક માનવામાં આવતાં હોય તો પણ શોકનું કોઈ કારણ નથી, કારણ કે જેનો જન્મ છે તેનું મૃત્યુ અવશ્ય છે.

એટલું જ નહીં, પરંતુ જેનું મૃત્યુ છે તેનો જન્મ પણ અવશ્ય છે. અર્થાત્ જન્મ અને મૃત્યુ એ નિયત ઘટનાઓ છે. તેને કોઇ બદલી શકે તેમ નથી. મૃત્યુનું કોઇ નિવારણ કરી શકે તેમ નથી. વળી, મૃત્યુ અનિશ્ચિત છે. કોનું મૃત્યુ ક્યારે થાય એ કોઇ કહી શકે નહીં. શંકરાચાર્યજી કહે છે કે જેમ કમળપત્ર પર રહેલું જળનું બિન્દુ અત્યંત ચંચળ છે, ક્યારે એ સરી પડશે તે કહી શકાય નહીં, તેમ માનવીનું જીવન અત્યંત ચંચળ છે, અસ્થિર છે અને ક્યારે એ જીવનજ્યોત બુઝાઇ જશે એ કહી શકાય નહીં. જીવનનો આ નિયમ છે તે સ્વીકારવો જ રહ્યો. કુદરતના નિયમોને આપણે બદલી શકતા નથી. મૃત્યુ એ અનિવાર્ય ઘટના છે અને જે અનિવાર્ય છે તેનો શોક કરવો યોગ્ય નથી.

જેને આપણે બદલી શકતા નથી તેના વિશે શોક કરવાથી પણ શો ફાયદો? શું શોક કરવાથી મૃત વ્યક્તિ પુનર્જીવિત થવાની છે? શોક કરવાથી પરિસ્થિતિમાં ફેર પડવાનો છે? જે ખોટ પડી છે કે જે અરમાનો અધૂરાં રહ્યાં છે તે શું શોક કરવાથી પુરાવાનાં છે? મૃત્યુ અનિવાર્ય ઘટના છે. મૃત્યુ પછીના જે સંજોગો ઉત્પન્ન થાય છે તે ટાળી શકાય તેવા નથી, તો પછી શોક કરવાથી શો અર્થ સરવાનો છે? તેનાથી મૃતાત્માને કોઇ મદદ થવાની નથી કે નથી થવાની મદદ તેની પાછળ રહેનારાઓને. સ્વજનના મૃત્યુથી જે કપરા સંજોગો સર્જાયા છે તે તો કંઇક ઉદ્યમની અપેક્ષા રાખે છે. આ સંજોગોનો સામનો કરવા માટે કોઇ સક્રિય પગલાં લેવાની આવશ્યકતા છે. માણસ જો શોકમાં ડૂબી જાય તો કંઇ પણ કરવાની શક્તિ અને હિંમત તે ગુમાવી બેસે છે. અર્જુન જેવો શક્તિશાળી પુરુષ પણ જ્યારે શોકને તાબે



થઇ ગયો ત્યારે બધી જ શક્તિ જાણે કે ગુમાવી બેઠો. તેનું ધનુષ્ય તેના હાથમાંથી સરી પડ્યું અને તે પોતાના રથમાં ફસડાઇ પડ્યો. આમ, હૃદયની દુર્બળતારૂપી શોકથી કોઇ ફાયદો તો નથી જ થતો, ઉપરથી તેનાથી નુકશાન જ થાય છે. આથી વિવેકી મનુષ્યો જે હજુ જીવિત છે અર્થાત મૃત વ્યક્તિ સાથે સંકળાયેલા સ્વજનો છે તેમના વિશે પણ શોક કરતા નથી, એટલે કે તે પરિસ્થિતિને શોકયોગ્ય ગણતા નથી.

કોઇ કહે કે અમે અમારા વિશે શોક કરતા નથી, અમે તો જેનું મૃત્યુ થયું છે તેના વિશે શોક કરીએ છીએ તેનું શું થયું હશે? મર્યા પછી તે કઇ યોનિમાં જશે? જીવન માણવાની તેની ઉંમર હતી અને આવી કાચી વયે તે ચાલ્યો ગયો એ કેવો આશાસ્પદ યુવાન હતો, જીવ્યો હોત તો કેટલું સારું થાત? તેને પોતાને કેટલાં અરમાન હતાં અને હવે એનાં એ બધાં અરમાન અધૂરાં રહી ગયાં!

હા. વાત સાચી છે કે જો તે વ્યક્તિનું મૃત્યુ ન થયું હોત તો પરિસ્થિતિ કંઇક જુદી હોત પરંતુ હવે તો જે થઇ જ ગયું છે તેને બદલી શકાય તેમ નથી અને માટે તેનો શોક કરવો યોગ્ય નથી. જીર્ણ વસ્ત્રોનો ત્યાગ કરીને માણસ જેમ નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે તેમ જીવાત્મા પણ જીર્ણ થયેલા દેહનો ત્યાગ કરીને નવો દેહ ગ્રહણ કરે છે. કારણ કે જેનું મૃત્યુ થયું છે તેનો જન્મ અવશ્ય છે તેથી તેને નવો દેહ મળવાનો જ છે.

# રમણ મહર્ષિના જીવનના કેટલાક પ્રેરક પ્રસંગો—૧

—શ્રી યોગેશ્વરજી

પરમાત્માપ્રેમી પ્રાતઃસ્મરણીય મહાપુરુષોનાં જીવન અત્યંત આકર્ષક ને પ્રેરક હોય છે તથા જુદી જુદી જાતના જીવનોપયોગી પ્રેરક પ્રસંગોથી ભરેલાં હોય છે. નિર્મળતામાં એમને ભગવતી ભાગીરથીના નિર્મળ નીરની સાથે સરખાવી શકાય અને પરિમલનો વિચાર કરીએ તો પુષ્પ સાથે. પુષ્પની પાંખડીઓની પેઠે એમના આદર્શ વ્યક્તિત્વનાં વિવિધ પાસાં એકસરખાં આકર્ષક, આનંદદાયક, અદ્‌ભુત અને કળાત્મક હોય છે. મહર્ષિના સંબંધમાં પણ એ વિધાન સાચું ઠરે છે. એમના જીવનમાં અસંખ્ય પ્રેરક પ્રસંગો પથરાયેલા પડ્યા છે. એ જીવનના કેટલાક પ્રસંગોનું વિહંગાવલોકન કરીને જ આપણે સંતોષ માનીશું તો પણ એ વિહંગાવલોકન એ મહાપુરુષના વિશાળ વ્યક્તિત્વનાં અનેકવિધ અંગોને જાણવામાં અને એ રીતે એમનો સર્વાંગીણ પરિચય કરાવવામાં મદદરૂપ બનશે એવી આશા છે.

(૧) જાગૃતિ

રમણ મહર્ષિ કેટલા બધા જાગ્રત હતા એનો ખ્યાલ સામાન્ય માનવોને સહેલાઈથી નહિ આવી શકે. જાગૃતિનું સ્થાન જીવનમાં ખૂબ જ મહત્વનું છે. સાધકાવસ્થા દરમિયાન તો એનું મહત્વ છે જ, પરંતુ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થયા પછી પણ એની ઉપેક્ષા ના થઈ શકે. સિદ્ધાવસ્થાએ આરૂઢ થયેલા મહાપુરુષના જીવનમાં આત્મજાગૃતિ સહજ બની જાય છે. બીજાની દૃષ્ટિએ જે ઘટનાઓ છેક સાધારણ લાગે છે તેવી ઘટનાઓ દરમિયાન પણ



એ સહેજ પણ ગાફેલ નથી બની શક્તા.

મહર્ષિ ભોજનાલયમાં સૌની સાથે બેસીને ભોજન કરતા.

બીજા બધાને જે ભોજન આપવામાં આવતું તે જ પોતાને પણ મળે તેવો એ આગ્રહ રાખતા અને આશ્રમમાં રહીને કોઈ પણ પ્રકારનો વિશેષ અધિકાર ના ચાહતા.

એકવાર એવું બન્યું કે ભોજન પીરસનારી બાઈએ એમના ભાતમાં બે ચમચી ઘી નાખી દીધું.

પ્રસંગ ઘણો નાનો હતો છતાં એમની સુસૂક્ષ્મ અવલોકનપ્રિય જાગ્રત નજરથી છૂપો ના રહ્યો.

આશ્રમમાં એ વખતે જમતી વખતે ભાતમાં સૌને એક ચમચી ઘી આપવામાં આવતું. મહર્ષિને પણ એક જ ચમચી ઘી મળતું. એ સર્વસામાન્ય પ્રથાને પીરસનારે જાણ્યે—અજાણ્યે ભંગ કર્યો તે એ મહાપુરુષ કેવી રીતે ચલાવી શકે? એમણે તરત જ પીરસનારની આગળ મીઠો વિરોધ નોંધાવતાં કહ્યું : ‘આ શું? મને બે ચમચી ઘી કેમ આપ્યું?’

પીરસનારે પોતાની ભૂલનો સ્વીકાર કર્યો, પરંતુ મહર્ષિને એટલાથી સંતોષ ના વળ્યો. ભૂલનો સ્વીકાર કર્યા પછી તેને સુધારવી જોઈએ. ત્યારે જ એ પ્રક્રિયા પરિપૂર્ણ થયેલી કહી શકાય.

એમણે એ પતરાળામાં જમવાની ના પાડી ને કહ્યું : ‘બધાને બે ચમચી આપો છો કે એક?

‘એક.’

‘તો પછી મારા પ્રત્યે આવો પક્ષપાત કેમ? જો બધાને ચમચી ઘી આપી શક્તા હો તો મને પણ આપો. નહિ તો આ પતરાળું પાછું લઈ જાવ ને બીજું લાવીને ફરીથી પીરસો. મારો અધિકાર

આશ્રમમાં બીજા કરતાં વધારે નથી.'

પીરસનારને માથે ધર્મસંકટ આવી પડ્યું. પરંતુ બીજો કોઇ રસ્તો ના રહ્યો એટલે એ પતરાળું પાછું લઇ જવું પડ્યું.

બીજું પતરાળું આવ્યા પછી એમાં નવેસરથી ભાત પીરસાયો અને એક ચમચી ઘી આપવામાં આવ્યું ત્યારે મહર્ષિને સંતોષ થયો અને એમણે જાણે કશું જ ના બન્યું હોય તેમ સ્થિતપ્રજ્ઞની પેઠે સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક જમવાનું શરૂ કર્યું.

ભોજનાલયમાં જમવા બેઠેલા દર્શનાર્થીઓને માટે એ પ્રસંગ પવિત્ર પદાર્થપાઠરૂપ થઇ પડ્યો.

આપણા સમાજસેવાની સંસ્થાના સંચાલકોને અને આશ્રમના અધ્યક્ષોને અથવા મઠના મહંતોને માટે એ પ્રસંગમાં કેટલો બધો મહાન પ્રેરક સુંદર સંદેશ સમાયલો! એકલા એમને જ માટે કેમ? સૌને માટે.

(૨) કૃપાની વિલક્ષણતા

એ દિવસ ઇ.સ.૧૯૪૯ની પાંચમી સપ્ટેમ્બરનો હતો.

એ દિવસે સવારે એક ભાવિક ભક્તે મહર્ષિને એક સુંદર લાકડી ભેટ આપી. લાકડી સીસમ જેવા સરસ લાકડાની અત્યંત આકર્ષક હતી. મહર્ષિ એને હાથમાં લઇ, આમતેમ ફરવીને ભારે રસપૂર્વક જોવા માંડ્યા. એના પ્રત્યેક ભાગનું એમણે ખૂબ જ સૂક્ષ્મતાપૂર્વક અવલોકન કર્યું.

એ પછી ભક્તને લાકડી પાછી આપવા માંડી ત્યારે ભક્તે જણાવ્યું કે આ લાકડી ખાસ તમારે માટે લાવ્યો છું અને મેં તમને ભેટ આપી છે.

મહર્ષિએ સુમધુર સ્મિત કરીને પૂછ્યું : 'લાકડી લઇને શું કરું?'



અને પછી ત્યાં ભેગા થયેલા ભક્તસમુદાય તરફ કહેવા લાગ્યા : 'એક વખત એવો પણ હતો જ્યારે હું મારા હાથે લાકડીઓ તૈયાર કરતો અને બીજાને ભેટ આપતો. હવે વખત બદલાયો છે એટલે એ કામ બંધ પડ્યું છે ને ભક્તો લાકડીઓ લઇને મને ભેટ કરવા આવી પહોંચે છે. પરંતુ બધી લાકડીઓને એકઠી કરીને હું શું કરીશ? આ લાકડીનો ધારો કે સ્વીકાર કરું તો પણ એ મારી પાસે વપરાયા વગર એમને એમ જ પડી રહેશે અને એક દિવસ કોઇક લઇ જશે. એ વખતે ભેટ આપનારને માઠું લાગશે. એના કરતાં આ લાકડીને અત્યારે જ પાછી લઇ જાય એ શું વધારે સારું નથી લાગતું? લાકડી મારી સ્મૃતિરૂપે રહેશે અને એને જોઇને એ મને હમેશાં યાદ કરશે.'

એમના શબ્દો સાંભળીને ભક્તો હસવા લાગ્યા.

પેલા ભક્તની નિરાશાનો અંત આવ્યો. એમને થયું કે મહર્ષિ પોતાની વિલક્ષણ રીતે આવી રીતે પોતાના પર કૃપા કરવા માગે છે. મહર્ષિએ પાછી આપેલી લાકડીનો સ્વીકાર કરતાં એમને સહેજ પણ દુઃખ ના થયું. એમનું હૃદય મહર્ષિની લાગણી જોઇને ભરાઇ આવ્યું. એ ગદ્ગદ સ્વરે બોલી ઊઠ્યો :'તમારા અસાધારણ અનુગ્રહથી હું ખરેખર ધન્ય બન્યો છું. આ લાકડી તમારી પરમકૃપાના નાનાસરખા પ્રતીકરૂપ બની ગઇ છે. એનું મૂલ્ય મારે માટે ઘણું મોટું છે. એને મારા જીવનના છેલ્લા દિવસ સુધી મારી સાથે રાખીશ.'

ભક્તની આંખ અશ્રુબિંદુથી ભરાઇ ગઇ.

એમણે સંપૂર્ણ સંતોષપૂર્વક વિદાય લીધી.

જીવનની જટિલ યાત્રામાં એમને મહર્ષિનો અમોઘ આધાર મળ્યો અને મહર્ષિએ પ્રકારાંતરે પોતાનો સ્વીકાર કર્યો એવું

લાગવા માંડ્યું.

જીવનની જડ અથવા જટિલ યાત્રાને સરળ તથા સુખમય કરવા માટે મહર્ષિએ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આવા કેટકેટલા આધારો પૂરા પાડ્યા હશે અને કેટકેટલાનાં જીવનને પોતાની વિલક્ષણ કૃપાવૃષ્ટિ વરસાવીને આશામય, શાંતિભર, સુખપ્રદ, સમુજ્જવલ તથા સફળ કે કૃતાર્થ કર્યા હશે તે કોણ કહી શકે?

★ અભિમાનના આઠ પ્રકાર છે સત્તાનું અભિમાન, સંપતિનું અને સંતતિનું અભિમાન, બળનું અભિમાન, રૂપનું અભિમાન, કુળનું અભિમાન, વિદ્વતાનું અભિમાન અને કતૃત્વનું અભિમાન પરંતુ ''મને અભિમાન નથી'' એવો દાવો કરવો એના જેવું ભયાનક અભિમાન બીજું એકેય નથી.

**''વિનોબા ભાવે''**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# પ્રેમનો મહિમા

—યોગેશ્વરજી

હૃદયમાં પ્રેમ જાગે તો બધુંયે થાયે છે!
હૃદયની ભૂમિમાં નાખ્યું, મધુર બી નામનું નાખ્યું,
અમી વરસાદ વરસે તો બધુંયે કામ થાયે છે.
હૃદયમાં૦

નદીમાં પૂર આવે છે કિનારા ના સતાવે છે,
સતાવે તેમના બંધન, બધુંયે કામ થાય છે.
હૃદયમાં૦

કરો જપ લાખ ને તપયે કરો કે યજ્ઞયાગ ભલે,
ન પ્રકટે પ્રેમ પણ તો તે થકી ના દૈન્ય જાયે છે.
હૃદયમાં૦

ઉઠે જો પ્રેમનું બિંદુ હૃદયમાં ભાવનો સિંધુ,
હજારો સાધનો તેના પરમફલમાં સમાયે છે.
હૃદયમાં૦

રડે જે ખૂબ પ્રભુમાટે વળી પ્રાર્થે અને ગાયે,
જગતમાં તે કૃપા પામી પરમ ધનને કમાયે છે.
હૃદયમાં૦

હઠાવી પ્રાણના પડદા, જગાવી પ્રેમને તેમાં,
બની પાગલ પ્રભુ પ્રકટે પછી કૈં ના ચહાયે છે.
હૃદયમાં૦

# શાંતિકુલમ્–સ્વર્ગારોહણ–૨નું નામાભિધાન

**–એક સત્સંગી**

૧૫, ઓગસ્ટ, ૨૦૧૫ના દિને પૂ.શ્રી શાંતિકાકાએ સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટને સ્વર્ગારોહણ અંબાજી પાછળની જમીન અર્પણ કરી કૃતકૃત્યતા અનુભવી. એ ભૂમિનું નામકરણ ધૂળેટીના પર્વ પ્રસંગે પૂ.મા દ્વારા કરવામાં આવ્યું. પૂ.માએ લખ્યું શાંતિકુલમ્ જેને એમના વ્યક્તિગત નામ સાથે કંઇ જ નિસ્બત નથી. જેમ ગુરુ કુલમ્ તેમ શાંતિ કુલમ્. સહુ કોઇ અહીં આવી શાંતિની ખોજ કરે, શાંતિની પ્રાપ્તિ કરે; જીવન ધન્ય અને સાર્થક કરે.

આપણા પૂ.શ્રી ગુરુદેવ ઉપનિષદના અમૃતમાં કહે છે શાંતિ! શાંતિ શબ્દ કેટલો બધો મધુર છે! તેને વાંચવાથી, બોલવાથી ને સાંભળવાથી કેવો અવનવો ભાવ થાય છે! તે શબ્દની અંદર જ જાણે અસીમ શાંતિ ભરી હોય તેવું લાગ્યા વિના રહેતું નથી.

શાંતિ કોને પ્રિય નથી! શાંતિની ઝંખના કોને નથી! શાંતિની શોધ પણ કોણ નથી કરતું! પોતાને વધારે ને વધારે શાંતિ મળે ને મળેલી શાંતિ સલામત રહે તેવું કોણ નથી ઇચ્છતું? બધા જ જીવો શાંતિ મેળવે છે, મહેનત કરે છે. પછી તે શાંતિ પોતાને મળે કે ન મળે, છતાં તેને માટેનો પ્રયાસ સૌ ચાલુ જ રાખે છે.

જીવનની સઘળી પ્રવૃત્તિઓનું અંતિમ લક્ષ્ય શાંતિ જ હોવું જોઇએ. શાંતિ સૌનું પૂર્ણ વિરામ થવું જોઇએ. શાંતિની સાધના



તે સિદ્ધ જીવનની મૂળભૂત જરુરત છે, તેનો ઇનકાર થઇ શકે તેમ નથી.

પૂ.શાંતિકાકા માટે શ્રી શ્રી મા કહે "શ્રી શાંતિભાઇને જુઓ. આજે જે જમીન આપી છે તે જમીનની કિંમત ૫ કરોડ રૂા.થી વધારે છે, પણ નમ્રતા તો જુઓ! ના કદી માની મુલાકાત માંગે, ના કદી ઘરના પ્રશ્નો લાવે, ના કદી આગળ બેસવાની જીદ કરે. પોતાની રીતે આવે, રહે, અને જાય. અલિપ્તતતાનો પ્રેરક સંદેશ. શ્રી શાંતિભાઇ દ્વારા શ્રી પ્રભુ ધરી રહ્યા છે. આપણે ક્યાંય રૂા.૧૧ મૂકીએ તો નામને સરનામું લખવાનું ના ભૂલીએ. એટલે આપણને નામ સાથે કેટલું બધું વળગણ છે!"

એ નવી ભૂમિ ઉપર ત્રણ દિવસ સુધી યોગેશ્વર બાવની. રામકૃષ્ણ દેવની સ્તુતિ, શ્રી રામકૃષ્ણ વંદુ તમોને અને શ્રી શારદામાની સ્તુતિ કરવામાં આવી, જાણે તેનું ભૂમિ પૂજન કરાયું!

આ પ્રસંગે શ્રી શ્રી માએ, વધુમાં જણાવ્યું કે શ્રી શાંતિભાઇના શુભેચ્છા ભર્યા આશીષ પામીએ.

શ્રી શાંતિભાઇ કહે આ જમીન લીધાને ઘણો સમય થયો. મનમાં થતું મા શું કરશે? ખૂબ ખૂબ રડી રડીને મેં પ્રાર્થના કરી એક વાર તો એવો વિચાર પણ આવ્યો કે મા જો ન સ્વીકારે તો રામકૃષ્ણ મિશનને આપી દઉં. ખૂબ ખૂબ રાહ જોવડાવી, પણ પૂ.માએ આખરે અમારા પર કૃપા કરી, ખૂબ ઉપકાર કર્યો. આ ભૂમિ પર માને જે કરવું હોય તે કરે તેમાં મારો સંપૂર્ણ સહકાર છે.

મા માંડ માન્યા છે. કેવી આશ્ચર્યપ્રદ ઘટના છે. આજે દેશમાં સતત લાવો લાવોના યુગમાં શાંતિકાકાને આપવા માટે પણ રડી રડીને પ્રાર્થના કરવી પડી છે કેવું મોહી પડાય તેવું શ્રી શ્રી માનું નિર્મોહી સ્વરૂપ છે!

શ્રી શાંતિભાઈના પુત્ર વિજયભાઈ કહે, ''આ જમીન લેવાણી ત્યારે હું રામેશ્વર હતો, પણ આજે મને હાશ થઈ. પપ્પાની પ્રાર્થના સંભળાઈ. અમારા પરિવાર પર પૂ.શ્રી માએ કૃપા કરી.

માઃ—વિજયભાઈને,

આ ધરતી પર તમારું શું સપનું છે વિજયભાઈ. પૂ.શ્રીમાની ઈચ્છા એ જ અમારું સપનું. પૂ.શ્રી મા કહે પ્રભુની ઈચ્છા અને યોજના હશે તો જ આ પ્રસાદ ટ્રસ્ટ સ્વીકારી શક્યું છે. પ્રયત્નો તો બાજુવાળી અને પાછળવાળી જમીનના ચાલતા હતા, પણ આ ભૂમિનું લેણું હશે. પ્રભુની ઈચ્છા હશે, તેથી જ થયું.''

આ ધરતી પર સૌ પ્રથમ આપણા સેવકોના પાંચ નિવાસ કરવાના છે. તે પછી મોટો હોલ સત્કર્મ કરવા માટે, સ્વર્ગારોહણ વિભાગ—૨, માત્ર બ્હેનો માટે. અહીં ભાઈઓ માટે પણ રહેવાની સગવડ વિચારીએ છીએ. સૌ પ્રથમ પાણી માટે બોર કરીશું. અહીં ઘણી મોટી યોજના છે કરવાની, પ્રભુની ઈચ્છા પ્રમાણે અહીં સેવાની પ્રવૃત્તિઓ ચાલતી રહેશે.

ડૉ. સુરતિયા જ્યારે તૈયાર થશે ત્યારે મફત દવાખાનું આ ધરતી પર હશે. હજી બધી જ કલ્પના છે બધું જ પ્રભુના હાથમાં



છે. ઠાકુરને આપણા મહાત્મા બંને મળીને જે ગમશે તે કરાવશે. બંને માસ્ટર બની માસ્ટર પ્લાન કરશે પ્રભુ જ કરશે ને પ્રભુ જ સંભાળશે. આપણે તો રમકડા બની તેઓની યોજના નમ્ર બની વધાવતા રહેવાનું છે.

'વરદ હસ્ત' ગાઈને આ ધરતીને જીવતી કરવાનું કામ આપણને પ્રભુએ સોંપ્યું છે.

ત્યાર બાદ ૭૦ વર્ષથી ઉપરના ભારતના અને વિદેશના ૧૨ સાધક ભાઈઓ પાસે વૃક્ષારોપણ કરાવ્યું. બીજે દિવસે આ રીતે બેનો પાસે આ નામકરણનો મંગલ ઉત્સવ પ્રભુના નામ સ્મરણને પ્રાર્થના સાથે પાર પડ્યો.

★ પીડા વગર પુરસ્કાર નથી, પરિશ્રમ વગર આનંદ નથી, અને પ્રતિક્ષા હોય તો જ પ્રાપ્તનું મૂલ્ય સમજાય છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧